dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર... અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.

https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 302 | AD - 2025, Sravan Sud-11 | Tuesday, Dt.05-08-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### પ્રસિદ્ધ કૃષ્ણા અને સિરાજની કાતિલ બોલિંગથી અંગ્રેજો ઘૂંટણિયે

# છેલ્લી ટેસ્ટમાં ભારતનો ઈંગ્લેન્ડ સામે ૬ રનનો વિજય : સિરીઝ ૨-૨થી ડ્રો

ઓવલ,તા.૪

ઓવલ ટેસ્ટના છેલ્લા દિવસે ભારતે ૪ વિકેટ લઈને ૬ રનથી મેચ જીતી લીધી. આ સાથે, ટીમે ૫ મેચની એન્ડરસન-તેંડુલકર ટ્રોફી પણ ૨-૨ થી બરાબર કરી. ભારતીય પેસર મોહમ્મદ સિરાજે બીજી ઈનિંગમાં ૫ વિકેટ લઈને મેચનું પાસું ફેરવી દીધું અને ટીમને રોમાંચક જીત અપાવી. ગુરુવારે ઓવલ ખાતે ઈંગ્લેન્ડે પ્રથમ બોલિંગ પસંદ કરી હતી. ભારતે પ્રથમ ઈનિંગમાં ૨૨૪ અને ઈંગ્લેન્ડે ૨૪૭ રન બનાવ્યા. ૨૩ રનથી પાછળ રહ્યા બાદ, ભારતે બીજી ઈનિંગમાં ૩૯૬ રન બનાવ્યા. ઈંગ્લેન્ડને ૩૭૪ રનનો ટાર્ગેટ મળ્યો હતો. ટીમે ૩ વિકેટ ગુમાવીને ૩૦૦ રન બનાવ્યા હતા. ત્યારબાદ હેરી બ્રુક સદી ફટકારીને આઉટ થયો. અહીંથી, ૩૫૪ સુધીમાં ભારતે ઈંગ્લેન્ડની ૮ વિકેટ લીધી. ગસ એટકિન્સન અને જોશ ટંગે અંતમાં ટીમ માટે મેચ જીતવાનો પ્રયાસ કર્યો, પરંતુ સિરાજે છેલ્લી વિકેટ લઈને ભારતને નજીકની જીત અપાવી. ઈજાગ્રસ્ત ક્રિસ વોક્સ પણ ડાબા હાથે બેટિંગ કરવા ઉતર્યો, પરંતુ ટીમ માટે મેચ જીતી શક્યો નહીં. આ મેચમાં ભારતે ઈંગ્લિશ ટીમને જીતવા માટે ૩૭૪ રનનો ટાર્ગેટ આપ્યો હતો. ભારતીય ટીમે તેની પહેલી ઈનિંગમાં ૨૨૪ રન બનાવ્યા હતા, જ્યારે ઈંગ્લેન્ડે પહેલી ઈનિંગમાં ૨૪૭ રન બનાવ્યા હતા. એટલે કે, યજમાન ઈંગ્લેન્ડને પહેલી ઈનિંગના આધારે ૨૩ રનની થોડી લીડ



મળી હતી. આ પછી, ભારતીય ટીમે તેની બીજી ઈનિંગમાં ૩૯૬ રન બનાવ્યા હતા. જવાબમાં ઈંગ્લેન્ડની ટીમે તેની ધમાકેદાર બેટિંગથી મેચ પોતાની મુઠ્ઠીમાં કરી લીધી હતી. ચોથા દિવસે હેરી બ્રુક અને જો રૂટે ભારતીય બોલરો માટે મુશ્કેલી ઉભી કરી હતી. ભારતની જીતમાં મોહમ્મદ સિરાજનું પ્રદર્શન ઉત્કૃષ્ટ રહ્યું. ઈંગ્લેન્ડ સામે પાંચેય ટેસ્ટ મેચમાં મોહમ્મદ સિરાજ રમ્યો છે. સિરાજે સિરીઝમાં સૌથી વધુ વિકેટ લેવા સાથે સૌથી વધુ બોલિંગ પણ કરી છે. જસપ્રીત બુમરાહની ગેરહાજરીમાં સિનિયર બોલર તરીકે સિરાજ પર સૌથી વધુ જવાબદારી હતી. ભારતે સિરીઝની બીજી અને પાંચમી ટેસ્ટ જીતી, ઈંગ્લેન્ડે પહેલી અને ત્રીજી ટેસ્ટ જીતી. ચોથી ટેસ્ટ ડ્રો રહી હતી. ઓવલ વિજય પહેલા, ભારતે ૧૬ વખત પાંચમી ટેસ્ટ રમી હતી, જેમાં ૭ હારનો સામનો કરવો પડ્યો હતો અને ૧૦ ડ્રો થઈ હતી. અંતે, ભારત જીતના દુષ્કાળનો અંત લાવવામાં સફળ રહ્યું છે અને તે ઈતિહાસમાં તેમની શ્રેષ્ઠ જીતમાંની એક છે.

### ઈંગ્લેંડના કેમ્પમાં દબાણ લાવવાના વિચાર સાથે આવ્યા હતા : ગિલ

બંને ટીમે સારું પ્રદર્શન કર્યું. દરેક મેચ છેલ્લા દિવસે પહોંચી, જે બંને ટીમના પ્રદર્શનને દર્શાવે છે. જ્યારે સિરાજ-પ્રસિદ્ધ જેવા બોલરો બોલિંગ કરી રહ્યા હોય, ત્યારે કેપ્ટન તરીકે વધુ ચિંતા કરવાની જરૂર નથી. બોલને કેવી રીતે મૂવ કરવો તે બંને જાણે છે. વધુમાં ગિલે કહ્યું-અમે જાણતા હતા કે ઈંગ્લેન્ડના કેમ્પમાં દબાણ હતું અને અમે એ વિચાર સાથે આવ્યા હતા કે અમે તેમના પર દબાણ ઓછું ન થવા દઈએ. હું આ પ્રદર્શનથી ખુશ છું અને મેં આ સિરીઝ પહેલા સખત મહેનત કરી હતી. તે માનસિક અને તકનીકી રીતે બંનેમાં સુધારો કરવા વિશે હતું અને બંને બાબતો એકબીજા સાથે જોડાયેલી છે.

# પહેલગામ હુમલાના આતંકવાદીઓની ઓળખ થઈ : ત્રણેય પાકિસ્તાની હોવાના પુરાવા મળ્યા

નવીદિલ્હી,તા.૪

પહેલગામ હુમલામાં સામેલ આતંકવાદીઓ અંગે મોટો ખુલાસો થયો છે. હુમલામાં સામેલ ત્રણ આતંકવાદીઓ પાકિસ્તાની હોવાના પુરાવા સામે આવ્યા છે. આ ઓપરેશન મહાદેવમાં માર્યા ગયેલા આતંકવાદીઓ છે. પહેલગામ હુમલામાં સામેલ આતંકવાદી સુલેમાન શાહનું ઓપરેશનલ નામ ફૈઝલ જાટ હતું. એ++ કેટેગરીનો સુલેમાન પહેલગામ હુમલાનો માસ્ટરમાઈન્ડ હતો. તે ઓપરેશન



મહાદેવમાં માર્યો ગયો છે. આ હુમલામાં સામેલ બીજા આતંકવાદી અબુ હમઝાનું ઓપરેશનલ નામ અફઘાન હતું. તે A-ગ્રેડ કમાન્ડર લેવલનો આતંકવાદી હતો. ત્રીજા આતંકવાદી યાસીરનું ઓપરેશનલ નામ જિબ્રાન હતું. તે એ કેટેગરીનો આતંકવાદી કમાન્ડર પણ હતો. સુરક્ષા એજન્સીઓને સુલેમાન અને અબુ હમઝા પાસેથી પાકિસ્તાની મતદાર ઓળખ કાર્ડ મળ્યા છે, બંનેના નામ લાહોર અને ગુજરાંવાલાની મતદાર યાદીમાં મળી આવ્યા છે. સેટેલાઈટ ફોન પર મળેલા ફિંગરપ્રિન્ટ્સ પરથી આતંકવાદીઓની ઓળખ થઈ છે. આ આતંકવાદીઓ પીઓકેના રાવલકોટ અને કાસુરના રહેવાસી હતા. કરાચીમાં બનેલી ચોકલેટ આતંકવાદીઓ પાસેથી મળી આવી છે. આતંકવાદીઓનું આ જૂથ ૨૧ એપ્રિલે બૈસરન ખીણથી ૨ કિમી દૂર પહોંચ્યું હતું. ફોનના જીપીએસ લોકેશન પરથી પહેલગામ હુમલામાં સંડોવણીની પુષ્ટિ થઈ છે.

# ઝારખંડના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શિબુ સોરેને દિલ્હીની સર ગંગારામ હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા

નવીદિલ્હી,તા.૪

ઝારખંડના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શિબુ સોરેનનું સોમવારે અવસાન થયું. તેઓ ૮૧ વર્ષના હતા અને લાંબા સમયથી બીમાર હતા. તેમણે દિલ્હીની સર ગંગારામ હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા. તેમના પુત્ર અને ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેને આ વાતની પુષ્ટિ કરી છે. તેમણે 'એકસ' પર લખ્યું, 'આદરણીય દિશામ ગુરુજી આપણા બધાને છોડીને ચાલ્યા ગયા છે. આજે હું શૂન્ય થઈ ગયો છું...' આ દરમિયાન, સર ગંગારામ હોસ્પિટલે જણાવ્યું હતું કે શિબુ સોરેનને આજે સવારે ૮:૫૬ વાગ્યે મૃત જાહેર કરવામાં આવ્યા હતા. લાંબી બીમારી બાદ તેમનું અવસાન થયું. તેઓ કિડનીની બીમારીથી પીડાતા હતા અને દોઢ મહિના પહેલા તેમને સ્ટ્રોક પણ આવ્યો હતો. તેઓ છેલ્લા એક મહિનાથી લાઈફ સપોર્ટ સિસ્ટમ પર હતા. ૮૧ વર્ષીય શિબુ લાંબા સમયથી હોસ્પિટલમાં નિયમિત સારવાર લઈ રહ્યા હતા. શિબુ સોરેન છેલ્લા ૩૮ વર્ષથી ઝારખંડ મુક્તિ મોરચાના નેતા હતા અને પાર્ટીના



સ્થાપક આશ્રયદાતા તરીકે જાણીતા છે. શિબુ સોરેનના નિધન પર ૩ દિવસનો રાજ્ય શોક જાહેર કરવામાં આવ્યો છે. થોડા દિવસો પહેલા જ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેન સાથે દિલ્હીની સર ગંગારામ હોસ્પિટલમાં શિબુ સોરેનના સ્વાસ્થ્યની પૂછપરછ કરવા ગયા હતા. શિબુ સોરેનનો જન્મ ૧૧ જાન્યુઆરી ૧૯૪૪ના રોજ રામગઢના નેમરા ગામમાં થયો હતો. બાળપણથી જ તેમણે આદિવાસી સમુદાયની સમસ્યાઓ, શોષણ અને અન્યાયને નજીકથી જોયો હતો. ૧૯૬૦ના દાયકામાં તેમણે આદિવાસી અધિકારો અને જળ-જંગલ-જમીનના રક્ષણ માટે સંઘર્ષ શરૂ કર્યો હતો.

# તમને કેવી રીતે ખબર પડી કે ૨૦૦૦ કિલોમીટર જમીન ચીને કબજે કરી છે : સુપ્રીમની રાહુલ ગાંધીને ફટકાર

નવીદિલ્હી,તા.૪

૯ ડિસેમ્બર, ૨૦૨૨ ના રોજ ભારત અને ચીનની સેનાઓ વચ્ચે થયેલી અથડામણ પછી ભારતીય સેના પર કથિત ટિપ્પણી કરવા બદલ સુપ્રીમ કોર્ટે લોકસભાના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીને ઠપકો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે રાહુલ ગાંધીને ઠપકો આપ્યો અને કહ્યું કે જો તમે સાચા ભારતીય છો, તો તમે આવી વાતો નહીં કહો. કોર્ટે રાહુલ ગાંધીને પૂછ્યું કે તેમને કેવી રીતે ખબર પડી કે ૨૦૦૦ કિલોમીટર જમીન ચીનીઓએ કબજે કરી છે. તમે વિપક્ષના નેતા છો, તમારી વાત સંસદમાં બોલો, સોશિયલ મીડિયા પર નહીં. સુપ્રીમ કોર્ટે સેના પર ટિપ્પણી કેસમાં સમન્સ સામે રાહુલ ગાંધીની અરજી પર ઉત્તર પ્રદેશ સરકાર અને ફરિયાદીને પણ નોટિસ ફટકારી હતી. ભારત જોડો યાત્રા દરમિયાન કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી દ્વારા ભારતીય સેના અંગે આપવામાં આવેલા નિવેદન પર સુપ્રીમ કોર્ટે કડક વલણ અપનાવ્યું છે. કોર્ટે રાહુલ ગાંધીને પ્રશ્ન કર્યો કે શું તેમની પાસે આ નિવેદનને સાબિત કરવા માટે કોઈ નક્કર દસ્તાવેજ છે. સુનાવણી દરમિયાન, ન્યાયાધીશ દીપાંકર દત્તાએ કહ્યું, "જો તમે વિપક્ષના નેતા છો, તો તમે ગૃહમાં આવી વાતો કરો, સોશિયલ મીડિયા પર કેમ?" તેમણે પૂછ્યું, "તમને કેવી રીતે ખબર પડી કે ૨૦૦૦ ચોરસ મીટર વિસ્તાર ચીનના કબજામાં ગયો છે? શું તમારી પાસે આ કહેવા માટે કોઈ નક્કર દસ્તાવેજ છે? વિશ્વસનીય માહિતી શું છે?"

# દિલ્હીમાં મોર્નિંગ વોક માટે નીકળેલ મહિલા સાંસદની ચેઈનની ચીલઝડપ

નવીદિલ્હી,તા.૪

દેશની રાજધાનીમાં તમિલનાડુના મહિલા કોંગ્રેસ સાંસદ એમ. સુધા સાથે એક ગંભીર ઘટના બની છે. સોમવારે સવારે ૬ વાગ્યે એક મહિલા સાંસદ સાથે ચેઈન સ્નેચિંગની ઘટના બની. દિલ્હીના ચાણક્યપુરીમાં, અજાણ્યા સ્નેચર્સે મયલાદુથુરાઈ સાંસદ આર. સુધાની કિંમતી સોનાની ચેઈન છીનવી લીધી જ્યારે તે મોર્નિંગ વોક માટે નીકળી હતી. આ દરમિયાન, તેણીને ગળામાં પણ ઈજા થઈ. ચાણક્યપુરી વિસ્તાર ખૂબ જ સંવેદનશીલ માનવામાં આવે છે. રાજ્ય સરકારોના ઘણા દૂતાવાસો અને સત્તાવાર રહેઠાણો અહીં આવેલા છે. આવી સ્થિતિમાં, આ ઉચ્ચ સુરક્ષાવાળા સ્થળે બનેલી ઘટના ખૂબ જ ચોંકાવનારી છે. પોલીસે જણાવ્યું હતું કે આ વિસ્તારમાં તમિલનાડુ ભવનમાં રહેતી સુધા મોર્નિંગ વોક માટે નીકળી હતી, ત્યારે અજાણ્યા હુમલાખોરો તેમની સોનાની ચેઈન છીનવીને સ્થળ પરથી ભાગી ગયા હતા. કોંગ્રેસના સાંસદ આર. સુધાએ જણાવ્યું હતું કે, "આ ઘટના સોમવારે સવારે ૬ વાગ્યે, તમિલનાડુ ભવનથી ૫૦૦-૬૦૦ મીટરના અંતરે બની હતી.









સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી

મંગળવાર, તા.૦૫-૦૮-૨૦૨૫

# ધારાસભ્ય મહેશ કસવાળાએ નવી એસ.ટી. બસને લીલીઝંડી આપી

સાવરકુંડલા,તા.૦૪

સાવરકુંડલા લીલીયા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના પ્રયાસોથી મંજુર સાવરકુંડલા-રાજુલા-રાજકોટ રૂટમાં નવી બસને લીલીઝંડી આપી લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં સાવરકુંડલા તાલુકા ભાજપ પ્રમુખ રજનીભાઈ ડોબરીયા,


તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા શહેર ભાજપ પ્રમુખ અનિરુદ્ધસિંહ રાઠોડ, સાવરકુંડલા તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયા, નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, નગરપાલિકાના ઉપપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી, અમરેલી જિલ્લા ઉપાધ્યક્ષ શરદભાઈ પંડ્યા, જીવનભાઈ વેકરીયા, સાવરકુંડલા તાલુકાના સરપંચ એસોસિએશન પ્રમુખ હિતેશભાઈ ખાતરાણી, સાવરકુંડલા તાલુકા ભાજપ ઉપપ્રમુખ ભુપેન્દ્રભાઈ ખુમાણ, ડેપો મેનેજર નથવાણી તેમજ એસટી નિગમના સ્ટાફ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી કમાણી સાયન્સ કોલેજ ખાતે સહકારી વર્ગનો શુભારંભ કરવામાં આવ્યો

અમરેલી,તા.૦૪

અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અને ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ અમરેલી કમાણી સાયન્સ અને પ્રતાપ રાય આટ્‌ર્સ કોલેજ ખાત ૬ દિવસીય યુવક સહકારી વર્ગનો શુભારંભ કરવામાં આવ્યો હતો. જેમાં અમરેલી જિલ્લા સહકારી




સંઘ દ્વારા વિદ્યાર્થીઓને ૬ દિવસ સુધી અલગ અલગ વિષય નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. આ કાર્યક્રમનું કોર્ડીનેશન અમરેલી જિલ્લા સહકારી સંઘના સ્ટાઈ.સી.ઈ.આઈ સાગર મહેતા દ્વારા કરવામાં આવેલું હતું. જ્યારે મનીષ સંઘાણી દ્વારા સહકારી પ્રવૃતિના ઉદ્દ્ભવ અને દેશની આર્થિક ઉન્નતિમાં સહકારી પ્રવૃત્તિના ફાળા વિષે માહિતી અપાઈ હતી. આ ઉપરાંત કોલેજમાં ચાલી રહેલ કેમ્પસ કો - ઓપરેટિવને આગળ વધારવા માટે વિવિધ યોજનાઓ વિષે જણાવ્યુ હતું.

# સા.કુંડલામાં જે.વી. મોદી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓનો રમતક્ષેત્રે સુંદર દેખાવ

અમરેલી,તા.૦૪



સાવરકુંડલા તાલુકાનો ત્રિ-દિવસીય શાળાકીય રમતોત્સવ કે.કે. હાઈસ્કૂલના યજમાનપદે શાળાના મેદાનમાં યોજાયો હતો. જેમાં શ્રી જે.વી. મોદી હાઈસ્કૂલના વિદ્યાર્થી રમતવીરોએ જુદી જુદી સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. ખોખો અને કબડ્ડીની રમતમાં શાળા બીજા ક્રમાંકે રહી હતી. કબડ્ડીમાં શાળાનો વિદ્યાર્થી હિમાલય તાલુકાકક્ષાની ટીમમાં પસંદ થઈ હવે જિલ્લામાં રમવા જશે. જ્યારે અંડર ૧૭ દોડ સ્પર્ધામાં ધોરણ ૯નો વિદ્યાર્થી પડાયા મૌલિકપ્રથમ નંબરે આવેલ.

# જાફરાબાદ સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા સરસ્વતી સન્માન કાર્યક્રમ યોજાયો

જાફરાબાદ,તા.૦૪

જાફરાબાદ સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા તાજેતરમાં એક ભવ્ય સરસ્વતી સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવાનો અને વડીલોની સેવાને બિરદાવવાનો હતો. કાર્યક્રમની શરૂઆત ભગવાન પરશુરામની પૂજા


તસવીર : બાબુભાઈ વાઢેળ

અને દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. આ પછી, નાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા. નર્સરીથી લઈને કોલેજ ડિગ્રી સુધીના વિદ્યાર્થીઓને તેમના ધોરણોને અનુરૂપ સ્ટેશનરી કિટ્સ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. બાળકોને ઈનામ વિતરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે, બ્રહ્મસમાજના સિનિયર સિટીઝન વડીલોનું પુષ્પગુચ્છ, શાલ અને ફૂલહાર અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું.

# વડીયામાં બીજા સોમવારે શિવમંદિરે વિશેષ શણગાર કરાયો

વડીયા,તા.૦૪



વડીયા સુરવો નદીના કિનારે આવેલ શ્રી બિલેશ્વર મહાદેવ મંદિર ખાતે શ્રાવણ માસના સોમવાર નિમિત્તે શિવલિંગ ઉપર અદ્દ્ભુત શણગાર કરવામાં આવ્યો હતો. શિવ ભક્તો દ્વારા અહીં બિરાજમાન પૌરાણિક બિલેશ્વર મહાદેવ મંદિર ખાતે શિવલિંગ પર દૂધ, બિલીપત્ર સાથે અભિષેક કરવામાં આવ્યો હતો. શ્રાવણ માસ દરમિયાન અહીં મહિલાઓ અને ભક્તો દ્વારા જળાભિષેક સાથે ધૂન ભજન કીર્તન કરવામાં આવી રહ્યું છે.

# સા.કુંડલાની પે-સેન્ટર શાળા નં. ૧ માં ધો. ૭ના વિદ્યાર્થીઓને ટેબલેટ અપાયા

અમરેલી,તા.૦૪

સાવરકુંડલા શહેરમાં આવેલ પે સેન્ટર શાળા નંબર ૧ માં ધોરણ સાતના વિદ્યાર્થીઓને દીપશાળા પ્રોજેક્ટ અંતર્ગત દાતા ભરતભાઈ દેસાઈ દ્વારા ટેબલેટ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ દરમિયાન શાળામાં એસએમસી સભ્યો અને વાલીઓ અને દીપશાલા કોર્ડીનેટર વિનોદભાઈ વિંઝુડા અને દીપશાળાના આઈટી કિશોરભાઈ પરમાર હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં ટેબલેટ આપવાનો હેતુ સમજાવી ડિજિટલ માધ્યમ દ્વારા બાળકો શાળામાં અને ઘરે અભ્યાસ કરી શકે તે માટે ટેબલેટ આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન વાલીઓ અને એસએમસી સભ્યો, આચાર્યા ભૂમિકાબેન મહેતા અને શિક્ષક હિતેશભાઈ જોષી અને તમામ શિક્ષક સ્ટાફ દ્વારા દાતા ભરતભાઈ દેસાઈનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.



# સાવરકુંડલાની સંઘવી કોલેજને પૂર્વ પ્રાધ્યાપક દ્વારા સંગીતના સાધનોની ભેટ

સાવરકુંડલા,તા.૦૪

સાવરકુંડલા શહેરમાં વી.ડી. કાણકીયા આટ્‌ર્સ અને એમ. આર. સંઘવી કોમર્સ કોલેજના પૂર્વ પ્રાધ્યાપક ડૉ. બી.ડી. વરૂએ કોલેજને સંગીતના સાધનો ભેટ આપ્યા છે. ડૉ. વરૂ કોલેજમાં અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે કાર્યરત હતા. તેઓ અર્થશાસ્ત્ર વિષયના તજજ્ઞ તથા બેંકિંગ વિષયના હેડ તરીકે વર્ષો સુધી શિક્ષણની સેવા આપી ચૂક્યા છે. તેઓ એક ઉત્તમ ભજનિક તથા સંગીત મર્મજ્ઞ પણ છે. તેમણે સામાન્ય લોકડાયરાથી લઈને આકાશવાણી સુધી પોતાની કલા અનેક શ્રોતાઓ સુધી પહોંચાડી છે.



# સાવરકુંડલાથી પદયાત્રા સંઘ સોમનાથ પહોંચતા ધજા ચડાવવામાં આવી

અમરેલી,તા.૦૪

સાવરકુંડલાથી સોમનાથ સુધીની પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પદયાત્રાનો પ્રારંભ ૩૦ જુલાઈ, ૨૦૨૫ના રોજ સાવરકુંડલાથી થયો હતો. પદયાત્રામાં વિશાળ સંખ્યામાં પદયાત્રીઓ, સ્વયંસેવકો અને શિવભક્તો સહભાગી થયા હતા. પવિત્ર સોમવારે પદયાત્રા સંઘ સોમનાથ મંદિર પહોંચ્યો હતો. ત્યાં મહાદેવના દર્શન કર્યા બાદ સોમનાથ દાદાને ધજા ચઢાવવાનો કાર્યક્રમ યોજાયો હતો. દશનામ ગૌસ્વામી ભવનથી સોમનાથ મહાદેવ મંદિર સુધી દિવ્યધજા ચઢાવવા માટે ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. ઢોલ-નગારા અને ડીજેના તાલે શિવભક્તોએ અદ્દ્ભુત ઉત્સાહ અને ભક્તિભાવ સાથે યાત્રામાં ભાગ લીધો હતો.



# બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીની બોર્ડ ઓફ ડિરેક્ટરની મિટિંગ યોજાઈ

બગસરા,તા.૦૪

બગસરાના પરફેક્ટ રિસોર્ટ ખાતે શ્રી બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લી.ના બોર્ડ ઓફ ડિરેકટરની મિટિંગ મંડળીના ચેરમેન રશ્વિનભાઈ ડોડીઆના અધ્યક્ષ સ્થાને યોજાયેલ હતી. આ મિટિંગમાં બગસરા-ધારીના ધારાસભ્ય જે.વી. કાકડીયા,




મંડળીના તજજ્ઞ ડિરેકટર કંચનબેન રાદડીયા (ધારાસભ્ય ઠકકરબાપા નગર અમદાવાદ) સહિતના ખાસ ઉપસ્થિત રહેલ. ચાલુ વર્ષમાં આ મંડળી ગુજરાતભરની ૬૩૫૦થી વધુ શરાફી મંડળીઓમાં પ્રથમ ક્રમાંકે આવેલ છે. બાજપાઈ સહાયનિધિમાં સભાસદોના વારસદારોને રૂા. ૨૫૦૦૦/- ના ચેકો ઉપસ્થિત આગેવાનો દ્વારા અર્પણ કરાયેલ. આ મિટિંગનું સફળ સંચાલન મંડળીના જન. એમ.ડી. નિતેષભાઈ ડોડીઆએ કર્યું હતું.

# તેજસ્વિની હ્યુમન ફાઉન્ડેશન દ્વારા તપોવન આશ્રમ ખાતે ગરબાની રમઝટ, વડીલ ગોષ્ઠિ યોજાઈ

અમરેલી,તા.૦૪

અમરેલીની મહિલા સંસ્થા તેજસ્વિની હ્યુમન ફાઉન્ડેશન દ્વારા સારહી તપોવન આશ્રમના તપસ્વીઓ સાથે પુત્રીભાવ સાથે ગોષ્ઠિનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં તપસ્વીઓ સાથે તપેશ્વર મહાદેવ મંદિરના પરિસરમાં ગરબે ઘુમવાનો લ્હાવો મેળવીને



પરિવારભાવના પ્રગટ કરી હતી. આ સાથે અમરેલી આર્યુવેદિક હોસ્પિટલ દ્વારા કીટ વિતરણ અને સમૂહ ભોજન યોજાયું હતું. આ કાર્યક્રમમાં સુરેશભાઈ શેખવા, પરેશભાઈ કાનપરીયા, કંચનબેન દેવમુરારી, જાનકીબેન ગોંડલીયા, દેવ્યાનીબેન કાનપરીયા, આશાબેન દવે સહિત ફાઉન્ડેશનની બહેનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ તકે સરકારી આયુર્વેદ હોસ્પિટલ તરફથી ફ્રી નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંર્પૂણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




# મેઘાણી હાઈસ્કૂલ-બગસરા ખાતે વોલીબોલ સ્પર્ધાનું આયોજન કરાયું

અમરેલી,તા.૦૪

રમતગમત સ્પર્ધા અંતર્ગત અમરેલી જિલ્લાની વોલીબોલ સ્પર્ધાનું આયોજન મેઘાણી હાઈસ્કૂલ-બગસરા ખાતે કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત અલગ અલગ વયજૂથની બહેનોની ૧૨ ટીમોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં પાલિકાના પ્રમુખના પ્રતિનિધિ એ.વી. રીબડીયા તેમજ મેઘાણી હાઈસ્કૂલના આચાર્ય વી.કે. જેઠવા તેમજ તાલુકા રમતગમત કન્વીનર મનોજ મહીડા તેમજ અન્ય લોકોએ હાજરી આપી હતી. આ સ્પર્ધામાં હાજર બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધા સુંદર રીતે યોજાય તે માટે મેઘાણી હાઈસ્કૂલના આચાર્ય જેઠવાએ સુંદર વ્યવસ્થા કરી હતી.



### વડીયાના ઢુંઢીયા પીપળીયાની શાળા જર્જરિત બની જતા

# સમારકામની માંગ સાથે વાલીઓએ શાળાને તાળાબંધી કરી

અમરેલી,તા.૦૪

વડીયા તાલુકાના ઢુંઢિયા પીપળીયા ગામની પ્રાથમિક શાળાની જર્જરિત હાલતથી પરેશાન વાલીઓએ આજે શાળાને તાળાબંધી કરી હતી. વાલીઓનો આરોપ છે કે, શાળાના ઓરડાઓ ખૂબ જ જૂના અને જર્જરિત હાલતમાં છે, અને ચાલુ વરસાદમાં છતમાંથી પાણી ટપકે છે. આ પરિસ્થિતિમાં બાળકોને ભણવા મોકલવા જોખમી હોવાથી વાલીઓએ પોતાના બાળકોને ઘરે પરત લઈ જઈને શાળાને તાળું માર્યું હતું. વડીયા તાલુકાની ઢુંઢિયા પીપળીયા ગામની પ્રાથમિક શાળામાં જર્જરિત ઓરડાઓ અને શૈક્ષણિક સ્તર નીચું હોવાને કારણે વાલીઓએ રોષ વ્યક્ત કર્યો છે. વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા કોઈ પગલાં ન લેવાતા આજે વાલીઓએ શાળાને તાળાબંધી કરી વિરોધ નોંધાવ્યો હતો. વાલીઓએ જણાવ્યું કે, થોડા સમય પહેલા રાજસ્થાનના એક ગામની શાળામાં આવી જ પરિસ્થિતિના કારણે દુર્ઘટના બની હતી. આવી કોઈ ઘટના તેમના ગામમાં ન બને તે માટે આ પગલું ભરવામાં આવ્યું છે. જર્જરિત ઓરડાઓમાં શાળાનો કિંમતી સામાન પણ વરસાદમાં પલળી રહ્યો છે અને ધૂળધાણી થઈ રહ્યો છે. વાલીઓનો રોષ માત્ર જર્જરિત શાળા પૂરતો સીમિત નથી, પરંતુ તેઓનો એવો પણ આરોપ છે કે, બાળકોને અભ્યાસમાં કોઈ કેળવણી મળતી નથી. વાલીઓએ તંત્રને ચેતવણી આપી છે કે, જો આગામી દિવસોમાં આ સમસ્યાનું કોઈ નક્કર નિવારણ નહીં આવે તો તેઓ ધરણા સહિતના આંદોલનાત્મક કાર્યક્રમો કરશે. આ ઘટના પરથી સ્પષ્ટ થાય છે કે, ગામના લોકો પોતાના બાળકોના ભવિષ્ય અને સલામતી માટે ચિંતિત છે. હવે જોવાનું એ રહેશે કે, તંત્ર આ બાબતે કેવા પગલાં ભરે છે.





**આચાર્ય દ્વારા કોઈ જ કામગીરી કરવામાં આવતી નથી**

ઢુંઢીયા પીપળીયા ગામે જર્જરિત શાળાના મામલે ગામના સરપંચે જણાવ્યું હતું કે, ધારાસભ્યના પ્રયાસોથી નવી શાળા પણ મંજૂર થઈ ગઈ છે. ગ્રામ પંચાયત દ્વારા પણ શાળાના સમારકામ કે નવીનીકરણ માટે સૂચનાઓ આપવામાં આવી છે પરંતુ શાળાના આચાર્ય દ્વારા કમિટી બનાવી શાળાનું નવીનીકરણ થાય તે માટે કોઈ પ્રયત્ન કરવામાં આવતા નથી.

**ટીપીઓને અહેવાલ મોકલવા કહેવાયુ છે : ડીપીઓ**

શાળાને તાળાબંધી કરવા બાબતે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ જણાવ્યું હતું કે શાળાના સમારકામની મંજૂરી પણ આવી ગઈ છે. વાલીઓએ શાળાને તાળાબંધી કરતા બાળકોના અભ્યાસ પર ગંભીર અસર પડી રહી છે. બાળકોના અભ્યાસ માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવાની જવાબદારી આચાર્યની છે. આ માટે ટીપીઓને આ બાબતે અહેવાલ મોકલવા માટે કહેવામાં આવ્યું છે.

**બાળકોના માથે ઝળુંબતુ મોત, વારંવાર રજૂઆત છતાં કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા રોષ**

# વીજપડી ગામે મઢડા એ.જી. ફિડરને લઈ વીજ કચેરી ખાતે ખેડૂતોએ આપ્યું આવેદન

વીજપડી,તા.૦૪

સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે એ.જી. મઢડા ફીડરને લઈ ખેડૂતોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. વીજપાવર માટે અનેકવાર વીજ અધિકારીઓને રજૂઆત કરવા છતાં સમસ્યાનું કોઈ નિરાકરણ ન આવતા ખેડૂતોએ વીજપડી PGVCL કચેરી ખાતે ધસી જઈ રોષભેર આવેદનપત્ર પાઠવ્યું હતું. અમરેલી જિલ્લામાં છેલ્લા ઘણા દિવસોથી મેઘરાજા જાણે રિસાયા હોય તેમ વરસાદ ન પડતા જગતનો તાત ચિંતામાં મુકાયો છે આવા સમયે વરસાદની તાતી જરૂરિયાત છે તો નિયમિત વીજ પુરવઠો મળે તે માટે પણ ખેડૂતો માગણી કરી રહ્યા છે જેમાં વીજપડી પંથકમાં આવેલા એ.જી. ફીડરમાં હાલ સવારના ૫ વાગ્યાથી શરૂ થતો વીજપાવર રાત્રી સુધી ન આવતા નવાગામ, જાંબુડા ગામના ખેડૂતો પાવર માટે વલખા મારી રહ્યા હતા. વીજપાવર અનિયમિત હોવાથી ખેડૂતોનો પાક બળી રહ્યો હતો જેથી આવી પરિસ્થિતિમાં વીજપાવર નિયમિત ન આવતો હોવાથી ખેડૂતોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. આ બાબતે છેલ્લા ઘણા સમયથી જવાબદાર વીજ અધિકારીઓને રજૂઆત કરવામાં આવતી હતી પરંતુ ખેડૂતોની રજૂઆત વીજ અધિકારી ધ્યાને ન લેતા હોવાથી ખેડૂતોએ આ બાબતે એકત્ર થઈ વીજ કચેરીએ ધસી જઈ આવેદનપત્ર આપ્યું હતું. આવેદનપત્રમાં જણાવ્યું હતું કે ખેડૂતો પોતાના ખેતરે વહેલી સવારથી જ વીજપાવરની રાહ જોવે છે પરંતુ વીજળી ન આવતા બપોરના સમયે ત્યાં જ જમવું પડે તેવો માહોલ સર્જાયો છે કારણ કે વીજળી ક્યારે આવે તેનું કઈ નક્કી ન હોવાથી ખેડૂતોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જો આવેદનપત્ર આપ્યા બાદ સમસ્યાનું કાયમી નિરાકરણ નહીં થાય તો આંદોલન કરવાની ફરજ પડશે તેવી ખેડૂતોએ ચીમકી ઉચ્ચારી છે.



### મુખ્ય નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયા અને સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાના હસ્તે

# એસ.એચ.ગજેરા શાળાના વિદ્યાર્થીઓએ જિલ્લા અને રાજ્યકક્ષાએ પદક જીતતા સન્માનિત કરાયા

અમરેલી,તા.૦૪

અમરેલીના શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ દ્વારા સંચાલિત શાળાના વિદ્યાર્થીઓએ કલા મહાકુંભ સહિતની વિવિધ સ્પર્ધામાં તેમજ રમતગમત, સાંસ્કૃતિક અને સાહિત્યિક સ્પર્ધાઓમાં ભાગ લઈને જિલ્લા અને રાજ્ય સ્તરે ઉચ્ચ પદકો જીત્યા હતા. આ સિદ્ધિઓની ઉજવણી માટે ગુજરાત રાજ્યના મુખ્ય નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયા અને સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાના હસ્તે વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાએ વિદ્યાર્થીઓને સંસ્થાની ભૌતિક સુવિધાઓ, રમતગમતના પ્રોત્સાહન અને સાંસ્કૃતિક પ્લેટફોર્મનો લાભ લઈ નિયમિત અભ્યાસ અને આત્મવિશ્વાસથી આગળ વધવા માટે પ્રેરણા આપી હતી. ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાએ અમરેલી જિલ્લાના વિદ્યાર્થીઓ અને સંસ્થા પ્રબંધનને રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે જિલ્લાનું નામ રોશન કરવા બદલ ખાસ અભિનંદન પાઠવ્યા હતા. આ સમારોહમાં સંસ્થાના મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી, એમ.કે. સાવલિયા, કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી, ભરતભાઈ ધડુક અને દિનેશભાઈ કાપડિયા તેમજ શાળાના પ્રિન્સિપાલ અને ટ્રેનર્સ ઉપસ્થિત રહયા હતા.



**ગજેરા કેમ્પસના ડાયરેક્ટર, મંત્રી સહિતનાઓએ અભિનંદન પાઠવ્યા**

# રાજુલાના ધાતરવડી ડેમ-૧ માંથી પિયત માટે પાણી છોડાતા ખેડૂતોમાં આનંદ ફેલાયો

અમરેલી,તા.૦૪

અમરેલી જિલ્લામાં વરસાદ ખેંચાવાથી જગતનો તાત મુશ્કેલીમાં મુકાયો છે. આ સંજોગોમાં રાજુલા માર્કેટિંગ યાર્ડના ચેરમેન જીજ્ઞેશ પટેલે પાણી પુરવઠા વિભાગના મંત્રી કુંવરજી બાવળિયાને પત્ર લખીને રજૂઆત કરી હતી. ધાતરવડી ડેમ-૧ ઓવરફ્લો હોવા છતાં પાણી દરિયામાં વહી રહ્યું હતું અને ખેડૂતોને વાવેતર માટે પાણીની તાત્કાલિક જરૂરિયાત હતી. આ રજૂઆત બાદ ડેમમાંથી કેનાલમાં પાણી છોડવામાં આવ્યું છે. આ નિર્ણયથી રાજુલા, ઝાંઝરડા, કુંડલિયાળા, બર્બટાણા, વાવેરા, ઝાપોદર, વડલી, જૂની-નવી માંડરડી, ચારોડીયા સહિત ૧૩ ગામના ખેડૂતોને ફાયદો થશે, જેથી ખેડૂતોમાં ખુશીની લાગણી ફેલાઈ છે.



**પાણી છોડવામાં આવતા ૧૩થી વધુ ગામના ખેડૂતોને ફાયદો થશે**

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જૂ.કૃ.યુ., અમરેલી દ્વારા ખેડૂત તાલીમ યોજાઈ



અમરેલી,તા.૦૪

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે પીએમ કિસાન સન્માન નિધિ કાર્યક્રમ અંતર્ગત ખેડૂત તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમમાં ૧૫૦થી વધુ ખેડૂત ભાઈઓ તથા બહેનોએ ભાગ લીધેલ હતો. હાજર રહેલા ખેડૂતોને કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા સરકારની ચાલતી વિવિધ યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી હતી.







ખુશખબર... ખુશખબર... ખુશખબર...

હવે આપના નજીકના સ્ટોરમાં ઉપલબ્ધ

**અવધ બેસન**

વણેલા ગાંઠીયા, ફાફડા તેમજ ચટાકેદાર ફરસાણ માટે સ્પેશ્યલ અવધ બેસન, તો રાહ શેની જુઓ છો...? આજે ઘરે લઈ આવો અને અવધ બેસનમાંથી ફરસાણ બનાવીને મજા માણો



દરેક રીટેલર તથા હોલસેલર પાસે ઉપલબ્ધ

અવધ બેસન તેમજ અવધ કરકરો ૫૦૦ ગ્રામ તથા ૧ – કિલો પેકિંગમાં ઉપલબ્ધ

સમજદાર ગૃહિણીની પહેલી પસંદ એટલે અવધ બેસન

**સોમનાથ બેસન ઈન્ડસ્ટ્રીઝ**

પ્લોટ નં.૮૨-૧. જી.આઈ.ડી.સી.અમરેલી

V : ૯૮૯૮૨૮૬૦૮૩, R : ૯૮૨૪૨ ૩૦૫૧૫


**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૭૩/૨૦૨૫ — તા.૩૦/૦૭/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. વલ્લભભાઈ વીરજીભાઈ ચોટલીયા
રહે.શ્રીજી નગર શેરી નં.૧, હાથસણી રોડ, સાવરકુંડલા

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલિકા કચેરી, સાવરકુંડલા
તા.સાવરકુંડલા જી. અમરેલી

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના વલ્લભભાઈ વીરજીભાઈ ચોટલીયાનો જન્મ તા.૦૯/૧૨/૧૯૪૩ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા/ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૧/૦૯/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૭૪/૨૦૨૫ — તા.૩૦/૦૭/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. વલ્લભભાઈ વીરજીભાઈ ચોટલીયા
રહે.શ્રીજી નગર શેરી નં.૧, હાથસણી રોડ, સાવરકુંડલા

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલિકા કચેરી, સાવરકુંડલા
તા.સાવરકુંડલા જી. અમરેલી

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના નાનાભાઈ જયંતીલાલ વીરજીભાઈ ચોટલિયાનો જન્મ તા.૧૧/૧૨/૧૯૬૪ ના રોજ મુ.તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા/ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૧/૦૯/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

**//એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//**

અપીલ અરજી નં.૪૨/૨૦૨૫

અરજદાર :- શ્રી પરમાર રમેશભાઈ કનુભાઈ
રહે. જેસીંગપરા, શેરી નં.૧, અમરેલી
તા.જી.અમરેલી. મો.૯૩૧૩૫૩૮૯૮૮

વિરૂધ્ધ

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા કચેરી,
મુ. અમરેલી, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં રમેશભાઈ કનુભાઈ પરમાર તેમના પુત્રશ્રી પ્રકાશ રમેશભાઈ પરમારનું જન્મ તા.૧૬/૦૫/૨૦૧૬ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૨/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(એચ.એમ.તલાટી)
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી શહેર

# ધારાસભ્ય જે.વી. કાકડીયાને માલધારી સમાજ દ્વારા ચલાલાના ગૌચર સહિતની સમસ્યાના ઉકેલ માટે રજૂઆત

ચલાલા, તા.૦૪

ચલાલા માલધારી સમાજના યુવા અગ્રણી હિતેશભાઈ રબારીએ સોશિયલ મીડિયામાં પોતાનો વીડિયો જાહેર કરી ચલાલાની વર્ષો જૂની સમસ્યાઓને ઉજાગર કરી ધારાસભ્ય જે.વી. કાકડીયાને આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે ધગધગતી રજૂઆત કરી છે.. હિતેશભાઈ રબારીએ જણાવ્યું છે કે ચલાલાની હજારો વીઘા ગૌચરની જમીન ક્યાં ગઈ? એ જમીનનું કોણે દબાણ કર્યું છે? એ દબાણ થયું છે તે ગૌચર ખુલ્લું કરાવવું જોઈએ.. તેમજ ૬૦ લાખ રૂપિયાના ખર્ચે ૧૦ વર્ષ પહેલાં શાકમાર્કેટ બનાવવામાં આવેલ હતી તે પણ ખંડેર હાલતમાં પડી છે. તો તે શાકમાર્કેટ ચાલુ કરાવી અને લોકોની શાકમાર્કેટને લગતી સમસ્યા દૂર કરવી જોઈએ.. તેમજ સાર્વજનિક પુસ્તકાલય જેમાં ભૂતકાળમાં ૧૦૦૦ કરતાં વધારે જુદા જુદા લેખકોના જુદા જુદા પુસ્તકો હતા અને ગામના યુવાનો ભાઈઓ-બહેનો અને સિનિયર સિટીઝનો આ પુસ્તકો પુસ્તકાલયમાં બેસીને વાંચતા હતા અને ઘરે પણ વાંચવા માટે લઈ જતા હતા, તે પુસ્તકોનું આજે નામોનિશાન નથી, અને અત્યારે પુસ્તકાલયનું બિલ્ડીંગ પણ જર્જરીત થઈ ગયું છે. તેથી અંદર કોઈ બેસી શકે તેવી સ્થિતિ નથી, તેમજ ચલાલાનો ગૌરવવંતો ટાઉનહોલ પણ જર્જરિત ખંડેર હાલતમાં ઉભો ઉભો ચાડી ખાઈ રહ્યો છે. આ ટ્રસ્ટના પ્રમુખ પણ ધારાસભ્ય જે.વી. કાકડીયા છે, તેમજ ચલાલામાં રોડ રસ્તા ભંગાર હાલતમાં છે.. શાકમાર્કેટમાં વારંવાર ગટરો ઉભરાય છે. ચલાલામાં બહેનો, બાળકો તેમજ સિનિયર સિટીઝનોને બેસવા માટે કે હરવા ફરવા માટે એક પણ બગીચો કે સિનિયર સિટિઝન પાર્ક નથી. સહિતની રજૂઆત કરાઈ હતી.

# રાજુલા-ભાવનગર રૂટ પર નવી ફાળવેલી બસને લીલી ઝંડી અપાઈ

રાજુલા,તા.૦૪


તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલામાં ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના પ્રયાસોથી રાજુલા-ભાવનગર રૂટમાં નવી બસનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રાજુલા ડેપોમાં ૨૫ શેડ્યુલ છે જેમાં દરરોજની અઢી લાખ ઉપરની આવક આવે છે. ચેમ્બરના માજી પ્રમુખ બકુલભાઈ વોરાએ નવું શેડ્યુલ અથવા બંધ કરેલ શેડ્યુલ શરૂ કરવા માટે માંગણી કરેલ છે. તેમજ એભલવડ માણસા નાઈટ બસ શરૂ કરવા માટે એભલવડના સરપંચ જગાભાઈ તેમજ રાજુલા માણસા નાઈટ બસ શરૂ કરવા માટે ટીકુભાઈ વરુએ પણ એસટી નિયામક સોલંકીને રજૂઆત કરી છે. આજે રાજુલા ભાવનગર એક્સપ્રેસ નવી બસ ફાળવતા શ્રીફળ વધેરી નગરપાલિકાના માજી પ્રમુખ રવુભાઈ ખુમાણ તથા ડેપો મેનેજર મમતાબેન જોષીએ લીલી ઝંડી આપી હતી. માજી ચેમ્બર પ્રમુખ બકુલભાઈ વોરા, ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ગૌરાંગભાઈ મહેતા, નગરપાલિકાના સદસ્ય અતુલભાઈ વાઘેલા, મનીષભાઈ વાઘેલા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ નવી આધુનિક બસ લક્ઝરી ટાઈપ છે.

# ધારી પોલીસે ૮ શકુનીના પાસા અવળા પાડી, ૧૧૩૦૦ રોકડ કબજે કરી

ધારી, તા.૦૪

ધારીમાં પોલીસે ૮ જુગારીને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી રૂપિયા ૧૧,૩૦૦નો મુદામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. રાહુલભાઈ રમણીકભાઈ વાઘેલા, કિશનભાઈ મગનભાઈ માથાસુળીયા, રાજુભાઈ માધાભાઈ સોલંકી, મોઈન હનીફભાઈ શેખ, જેદુ મુનાભાઈ મકરાણી (બ્લોચ), રીયાઝભાઈ યુસુફભાઈ કુરેશી, ઈન્ઝામુલ રજાકભાઈ શેતા તથા ફારૂકભાઈ સતારભાઈ કટારીયા નામના ઈસમો જાહેરમાં ગંજીપત્તાના પાના તથા પૈસાથી તીનપત્તી નામનો હારજીતનો જુગાર રમી રમતા રોકડ રૂ.૧૧,૩૦૦ સાથે ઝડપાયા હતા. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રભાઈ જોરૂભાઈ વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાની ઐતિહાસિક 'ગીરધર વાવ'નું પ્રવાસન સ્થળ તરીકે નવસર્જન થશે

સાવરકુંડલા,તા.૦૪



સાવરકુંડલા શહેરના ગૌરવશાળી વારસાના પ્રતીક સમાન પ્રાચીન સ્મારક 'ગીરધર વાવ' ને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે નક્કર પગલાં લેવામાં આવ્યા છે. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ આ વાવના જતન અને વિકાસ અંગે ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી વિસ્તૃત ચર્ચા-વિચારણા કરી હતી. ગીરધર વાવ એ માત્ર એક જળસ્ત્રોત નથી, પરંતુ ભૂતકાળના સ્થાપત્ય અને જળ વ્યવસ્થાપન કૌશલ્યનો જીવંત પુરાવો છે. સમય જતાં તેની અવગણના થઈ હતી, જેના કારણે તેની ભવ્યતા ઝાંખી પડી ગઈ હતી. હવે આ વિરાસતને ફરીથી જીવંત કરવાનો સંકલ્પ લેવામાં આવ્યો છે. આ બેઠકમાં ઉપસ્થિત અધિકારીઓએ ગીરધર વાવના વિકાસ માટે પોતાનું સંપૂર્ણ સમર્થન અને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ પહેલથી સાવરકુંડલાને પ્રવાસન ક્ષેત્રે નવી ઓળખ મળશે અને યુવા પેઢીને સમૃદ્ધ વારસાથી પરિચિત થવાની તક મળશે. આ પ્રોજેક્ટનું કામ ઝડપી ગતિએ શરૂ થશે, જેથી ટૂંક સમયમાં ગીરધર વાવ તેની ખોવાયેલી ભવ્યતા પાછી મેળવી શકશે.

# જાફરાબાદના ભાડા ગામનો કેદી જામીન પર છુટ્યા બાદ ફરાર થઈ ગયો

**રાજકોટ મધ્યસ્થ જેલમાં સજા કાપતો હતો**

જાફરાબાદ, તા.૦૪

જાફરાબાદના ભાડા ગામમાં રહેતો એક કેદી રાજકોટ મધ્યસ્થ જેલમાં સજા કાપતો હતો.

જ્યાં જામીન પર છુટ્યા બાદ ફરાર થઈ ગયો હતો. લખમણ ઉર્ફે લખા હમીરભાઈ વાઘેલા તા.૨૪-૦૬-૨૦૨૫થી ૧૦ દિવસના જામીન પર રાજકોટ મધ્યસ્થ જેલમાંથી છૂટ્યો હતો. નિયત તારીખે હાજર થવાના બદલે તે ફરાર થઈ ગયો હતો. નાગેશ્રી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.બી. શીયાળ વધુ તપાસ કરી રહ્યા છે.

# ચાંદગઢ પ્રાથમિક શાળામાં બેગલેસ ડેની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી

અમરેલી, તા. ૦૪



ચાંદગઢ પ્રાથમિક શાળામાં બેગલેસ ડેની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસે બાળકોનો શારીરિક, માનસિક, આધ્યાત્મિક તેમજ સર્વાંગી વિકાસ થાય તથા બાળકો સુધી સાચી યોગ વિદ્યા પહોંચે, બાળકો નિયમિત યોગ અભ્યાસ કરતા થાય એ હેતુથી યોગાચાર્ય પિન્ટુભાઈ સંઘાણીએ નિઃસ્વાર્થ ભાવે શાળાના બાળકોને યોગ અભ્યાસ કરાવ્યો હતો. જેમાં સૂક્ષ્મ ક્રિયાઓ, આસન, પ્રાણાયામ વગેરેનો અભ્યાસ કરાવ્યો હતો. તેમજ નિયમિત યોગાભ્યાસ કરવાથી થતાં લાભ વિશેની માહિતી પણ બાળકોને આપી હતી. બાળકોમાં એકાગ્રતા વધે, મેમરી પાવર વધે એ માટે બાળકોને બ્રેઈન એક્ટિવિટીઝ પણ કરાવી હતી.

# સાવરકુંડલામાં દશામાના વ્રતની ઉજવણી પૂર્ણ, ભાવિકોએ પ્રતિમાને પાણીમાં પધરાવી

સાવરકુંડલા,તા.૦૪



સાવરકુંડલા શહેરમાં દશામાના વ્રતની પૂર્ણાહુતિ થતાં ભાવિકો ભારે આસ્થા, ભક્તિભાવ તેમજ દશામાના ગુણગાન ગાતા ગાતા દશામાની મૂર્તિને જળમાં પધરાવવવા હાથસણી ગામે આવેલ શેલ દેદુમલ નદી કિનારે જતાં જોવા મળ્યા હતા. ભાવિકો દશામાના ગુણગાન ગાતાં ગાતાં કોઈ ટ્રેકટરમાં તો કોઈ ટ્રકમાં તો કોઈ ઓટો રિક્ષામાં તો કોઈ ટુવ્હીલમાં સાવરકુંડલા તાલુકાના હાથસણી ગામે આવેલ નદી કાંઠે દશામાને ભાવભરી વિદાય સાથે આવતાં વર્ષે વહેલા પધારવા માટે પ્રાર્થના કરી હતી.

# સા.કુંડલાની કે.કે. હાઈસ્કૂલ ખાતે તાલુકાકક્ષાની શાળાકિય એથ્લેટિક્સ સ્પર્ધા યોજાઈ

અમરેલી,તા.૦૪



સાવરકુંડલાની કે.કે. હાઈસ્કૂલ ખાતે તાલુકાકક્ષાની શાળાકીય એથ્લેટિક્સ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલ શાળાની વિદ્યાર્થિની બહેનોએ જુદી-જુદી એથ્લેટિક્સ સ્પર્ધાઓમાં ભાગ લઈ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળાનું અને પોતાના પરિવારનું નામ રોશન કરેલ છે. જેમાં ૧૫ જેટલી વિદ્યાર્થિની બહેનોએ પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો. જ્યારે ૯ થી વધારે બહેનોએ દ્વિતીય નંબર પ્રાપ્ત કર્યો હતો. શાળાની તમામ બહેનોને શાળાના આચાર્યા ઉષાબેન તેરૈયા અને વ્યાયામ શિક્ષિકા દેવીબેન રાઠોડ દ્વારા રમતો વિશે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. વિજેતા તમામ વિદ્યાર્થિની બહેનોને સમગ્ર શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિઃ અગિયારસ
તા. ૦૫-૦૮-૨૦૨૫, મંગળવાર, સૂર્યોદય-૦૫:૪૪,
સૂર્યાસ્ત-૦૭:૦૯, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ જ્યેષ્ઠા

## દૈનિક રાશિફળ

તા.૦૫-૦૮-૨૦૨૫ મંગળવાર

મેષઃ આજનો દિવસ તમને શુભ ફળ આપવાનો છે અને તમને આજે ફાયદાકારક પરિણામો મળશે. ધંધામાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે.

વૃષભઃ આજે તમને નોકરી અને ધંધાકીય બાબતમાં પણ સફળતા મળી શકે છે. આજે સાંજના પાંચ વાગ્યા સુધીમાં ખાસ ડીલ ફાઇનલ થઈ શકે છે.

મિથુનઃ આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. ધર્મ પ્રત્યે તમારી રુચિ ખૂબ વધી જશે. આ વ્યસ્તતામાં ભણવામાં થોડો સમય કાઢવો સારો રહેશે.

કર્કઃ આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સજાગ રહેવાનો છે. હવામાનના બદલાવથી સમશીતોષ્ણ વિકાર ઊભા થઈ શકે છે.

સિંહઃ આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમારું મન નવી યોજનાઓ કરવા માટે તૈયાર રહેશે. કોઈ મંદિરની મુલાકાત લેવાનું વિચારી શકો છો.

કન્યાઃ આજનો દિવસ તમારા માટે દરેક બાબતમાં સાવધ રહેવાનો છે. સંયમ અને સાવધાની રાખવી. કોઈ શુભ કાર્યની ચર્ચા થઈ શકે છે.

તુલાઃ આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે. તમે કોઈપણ રચનાત્મક અને કલાત્મક કાર્ય પૂર્ણ કરવામાં દિવસો વિતાવી શકો છો.

વૃશ્ચિકઃ આજનો દિવસ લાભકારી સાબિત થઈ શકે છે. કાર્ય વર્તનથી સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે.

ધનઃ આજે દરેક બાબતે ખાસ કાળજીથી સંભાળવાની જરૂર છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે.

મકરઃ આજનો દિવસ ખૂબ જ શુભ દિવસ છે અને તમને સારા પરિણામ મળશે. આજનો દિવસ બીજાને મદદ કરવાનો રહેશે.

કુંભઃ આજનો દિવસ ઉત્તમ બની શકે છે. આજીવિકાની દ્રષ્ટિએ આજે તમને સફળતા મળશે. દિવસ દરમિયાન લાભની તકો મળશે.

મીનઃ આજનો દિવસ સામાન્ય છે. પરિવાર સાથે ઘરે રહો અને સુરક્ષિત રહો. ખૂબ જ મહત્વપૂર્ણ કામ હોય તો જ બહાર જાઓ.

# અમરેલીની રાજવી ધડુક સ્કેટિંગ સ્પર્ધામાં ઝળકી, હવે રાજ્યકક્ષાએ જશે

અમરેલી,તા.૦૪



રાજુલા શહેરમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતની જિલ્લા રમતગમત કચેરી દ્વારા ૬૯મી અખિલ ભારતીય શાળાકીય રમતોની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં અમરેલીની વિદ્યાસભા શાળાની ધોરણ ૮ મિક્સ મીડિયમની વિદ્યાર્થિની રાજવી મધુસૂદનભાઈ ધડૂકે અંડર-૧૪ બહેનોની કેટેગરીમાં સ્કેટિંગમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. રાજવીએ જિલ્લાકક્ષાની સ્પર્ધામાં વિજેતા બનીને રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી મેળવી છે. આગામી સમયમાં તે રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. ૨ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ રાજુલા શહેરમાં યોજાયેલી આ સ્પર્ધામાં જિલ્લાભરની શાળાઓમાંથી અનેક ખેલાડી ભાઈઓ અને બહેનોએ ભાગ લીધો હતો. શાળાકીય રમતોની સ્પર્ધામાં કુલ ૪૪ રમતોને આવરી લેવામાં આવી હતી. આ સ્પર્ધાઓમાં ભાઈઓ અને બહેનોની અલગ-અલગ કેટેગરીમાં અંડર-૧૪ અને અંડર-૧૭ વયજૂથના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

# અમરેલી જિલ્લામાં કેફી પીણું પીને ફરતાં ૪ શખ્સો ઝડપાયા

**પોલીસે તમામ દારૂડીયાઓ સામે પ્રોહિબીશન હેઠળ ગુનો નોંધી કાર્યવાહી કરી**

અમરેલી, તા.૦૪

અમરેલી જિલ્લામાંથી કેફી પીણું પીને ફરતાં ૪ ઈસમો ઝડપાયા હતા. ડુંગર, ખાંભા, ટોડા અને અમરેલીમાંથી આ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા. મેઘા પીપળીયા ગામેથી ૩ લીટર, હીરાણા ગામેથી ૩ લીટર, લાઠીમાંથી ૩ લીટર, અમરેલીમાંથી ૮ લીટર મળી કુલ ૧૭ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. ખજુરી ગામ પાસેથી વલારડીનો યુવક તથા રબારીકા ગામનો યુવક નશાયુક્ત હાલતમાં વાહન ચલાવતાં ઝડપાયા હતા. પોલીસે દારૂના નશામાં છાટકા બની આંટાફેરા કરતા ઈસમોને ઝડપી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# સ્કૂલે જતી વિદ્યાર્થિનીઓની છેડતી કરનાર યુવકને ૧૮૧ અભયમ ટીમે ઝડપ્યો

અમરેલી,તા.૦૪




શાળાએ જતી વિદ્યાર્થિનીઓની છેડતી અને કનડગત કરતા એક યુવકને ૧૮૧ મહિલા અભયમ હેલ્પલાઈનની ટીમે તાત્કાલિક કાર્યવાહી કરીને કાયદાનો પાઠ ભણાવ્યો છે. ધોરણ ૭માં અભ્યાસ કરતી એક વિદ્યાર્થિનીએ ૧૮૧ પર ફોન કરીને ફરિયાદ કરી હતી કે, એક યુવક રોજ તેમને અને અન્ય છોકરીઓને શાળાએ જતી વખતે હેરાન કરે છે, કપડાં કાઢી ખરાબ ઈશારા કરે છે અને પૈસાની લાલચ આપે છે. આ કોલ મળતાં જ ૧૮૧ મહિલા હેલ્પલાઈનની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ટીમના કાઉન્સેલર રીટા પરમાર, જી.આર.ડી. વનિતાબેન અને પાયલોટ જગદીશભાઈ દ્વારા વિદ્યાર્થિનીનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું. વિદ્યાર્થિનીએ આપેલી માહિતીના આધારે ટીમે યુવકના ઘરે જઈને તેના પરિવારજનોને સમગ્ર ઘટનાથી વાકેફ કર્યા. શરૂઆતમાં યુવકના પરિવારે તેને માનસિક રીતે અસ્થિર ગણાવીને બચાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ૧૮૧ ટીમે ઘટનાની ગંભીરતા સમજીને યુવકને પોલીસના હવાલે કર્યો. આ કાર્યવાહી દ્વારા યુવક અને તેના પરિવારને કાયદાનું ભાન કરાવવામાં આવ્યું હતું.

# રાજુલા પ્રાથમિક શિક્ષક શરાફી સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

રાજુલા,તા.૦૪



રાજુલા તાલુકા પ્રાથમિક શિક્ષક શરાફી સહકારી મંડળી લિ.ની વાર્ષિક સાધારણ સભા તા. ૨૭/૦૭/૨૦૨૫ના રોજ રાજુલા ગાયત્રી મંદિર, કૃષ્ણનગર સોસાયટી ખાતે યોજાઈ હતી. આ સભા મંડળીના પ્રમુખ ધર્મેન્દ્રભાઈ એ. ધાધલના અધ્યક્ષપદે યોજાઈ હતી. સભામાં પ્રમુખ ધર્મેન્દ્રભાઈ અને માનદ્ મંત્રી ભાણભાઈ મેગળે મંડળીની પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી. આ પ્રસંગે, નિવૃત્ત થયેલા શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ધોરણ ૧૦ અને ૧૨માં એકથી ત્રણ નંબર મેળવનાર વિદ્યાર્થીઓને શિલ્ડ અને ૮૦%થી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. સભામાં ઉપસ્થિત મહેમાનોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન મનીષભાઈ સોંડાગરે કર્યું હતું,

તંત્રી લેખ

# બિહારમાં મતદાર યાદીની સફાઈ

બિહારમાં વર્ષના અંત સુધીમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. તે પહેલાં, ચૂંટણી પંચે એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને ક્રાંતિકારી પગલું ભર્યું છે. આ પગલું છે મતદાર યાદીની સઘન સુધારણાનું. આ સુધારણા માત્ર મતદાર યાદીને ચોખ્ખી કરવા પૂરતી સીમિત નથી, પરંતુ ભારતમાં ગેરકાયદેસર રીતે રહેતા ઘૂસણખોરોને ઓળખી કાઢવા, તેમને પકડવા અને દેશનિકાલ કરવાની એક મોટી ઝુંબેશનો પ્રારંભ પણ છે. આ પ્રક્રિયા હેઠળ, એક લાખ કરતાં વધુ કર્મચારીઓ ઘરે-ઘરે જઈને મતદારોની પાત્રતાની ચકાસણી કરી રહ્યા છે અને જરૂરી દસ્તાવેજો માંગી રહ્યા છે. આ કવાયત ઘણા વર્ષો પછી થઈ રહી છે અને તેની સઘનતા અભૂતપૂર્વ છે. ચૂંટણી પંચે સ્પષ્ટ કર્યું છે કે જે લોકોના નામ ૨૦૦૩ની મતદાર યાદીમાં છે, તેમને ફરીથી પુરાવા આપવાની જરૂર નથી. પરંતુ, જેમના નામ તેમાં નથી, તેમણે પોતાની નાગરિકતા સાબિત કરવા માટે સરકાર માન્ય ૧૧ દસ્તાવેજોમાંથી કોઈ એક રજૂ કરવો પડશે. આ ઉપરાંત, જન્મ તારીખના આધારે પણ જુદા જુદા પુરાવાઓ રજૂ કરવાની શરતો મૂકવામાં આવી છે. ઉદાહરણ તરીકે, જેઓ ૧ જુલાઈ ૧૯૮૭ પહેલા જન્મ્યા છે, તેમને માત્ર પોતાના જન્મનો દાખલો આપવો પડશે, જ્યારે ૨ ડિસેમ્બર ૨૦૦૪ પછી જન્મેલા લોકોએ પોતાના ઉપરાંત માતા-પિતા બંનેના જન્મના દાખલા રજૂ કરવાના રહેશે. ચૂંટણી પંચની આ કવાયત સામે વિરોધ પક્ષો, ખાસ કરીને કોંગ્રેસ અને ઈન્ડિયા ગઠબંધનના પક્ષો, ભારે હોબાળો મચાવી રહ્યા છે. તેમનો આરોપ છે કે આ પગલાથી દલિતો, ગરીબો અને મુસ્લિમોના નામ યાદીમાંથી નીકળી જશે. જોકે, આ આરોપો પાયાવિહોણા છે, કારણ કે ભારતના જે નાગરિકો વર્ષોથી અહીં રહે છે અને જેમની પાસે કાયદેસરના દસ્તાવેજો છે, તેમને કોઈ સમસ્યા થવાની નથી. સમસ્યા માત્ર તે ઘૂસણખોરોને થવાની છે જેઓ ગેરકાયદેસર રીતે ભારતમાં વસી રહ્યા છે અને જેમની પાસે ભારતીય નાગરિકતાના કોઈ કાયદેસર પુરાવા નથી. વિરોધ પક્ષોને વાસ્તવિક ડર એ છે કે આ ઘૂસણખોરો તેમની મતબેંકનો મુખ્ય આધાર છે. ખાસ કરીને બાંગ્લાદેશી, પાકિસ્તાની અને રોહિંગ્યા ઘૂસણખોરોના મતો પર આધાર રાખીને રાજકારણ કરતા પક્ષોને આ પગલાથી મોટો ફટકો પડવાનો છે. આ જ કારણ છે કે મમતા બેનરજીની તૃણમૂલ કોંગ્રેસ, ભલે બિહારમાં તેમનું કશું ઉપજતું ન હોય, પણ આ પ્રક્રિયાનો વિરોધ કરી રહી છે. આનાથી સ્પષ્ટ થાય છે કે તીર બરાબર નિશાન પર લાગ્યું છે. તેજસ્વી યાદવ, અસદુદ્દીન ઓવૈસી અને મમતા બેનરજી જેવા નેતાઓનો વિરોધ તેમની ચિંતાઓ અને રાજકીય ગણતરીઓને ઉજાગર કરે છે. આ કાર્યવાહીને બંધારણ અને કાયદાનું સમર્થન છે. ચૂંટણી પંચની આ કાર્યવાહી બંધારણ અને કાયદા દ્વારા સંપૂર્ણપણે સમર્થિત છે. બંધારણની કલમ ૩૨૬ મુજબ, ૧૮ વર્ષથી વધુ વયના ભારતીય નાગરિકો જ મત આપી શકે છે. ચૂંટણી પંચની એ ફરજ છે કે તે ખાતરી કરે કે માત્ર પાત્ર નાગરિકોના નામ જ મતદાર યાદીમાં હોય અને અપાત્ર લોકોના નામ ન હોય. લોકપ્રતિનિધિત્વ ધારો ૧૯૫૦ અને રજીસ્ટ્રેશન ઓફ ઈલેક્ટર્સ રૂલ્સના નિયમ ૨૫ અનુસાર, ચૂંટણી પંચે દરેક ચૂંટણી પહેલા મતદાર યાદીની સુધારણા કરવી ફરજિયાત છે. તેથી, પંચ જે કરી રહ્યું છે તે કાયદાકીય રીતે સાચું છે અને તેને કોઈ પડકારી શકે તેમ નથી. આ કવાયતને કારણે માત્ર મતદાર યાદી શુદ્ધ નહીં થાય, પરંતુ દેશની સુરક્ષા અને અખંડિતતા માટે પણ આ એક મહત્ત્વપૂર્ણ પગલું છે. જે ઘૂસણખોરો દેશમાં રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ હોઈ શકે છે, તેમની ઓળખ થશે.

# વિકાસના મોટા સપના સાકાર કરવાની પ્રેરણા આપતો જગતનો નાનકડો દેશ વિયેતનામ



પ્રાસંગિક
સુરેશ દેસાઈ

રાખમાંથી બેઠા થતાં ફિનિક્સ પક્ષીની જેમ વિયેતનામ પણ બેઠું થયું છે અને વિકસિત દેશોની જેમ પ્રગતિના નવા સોપાન સર કરી રહ્યું છે. વિયેતનામ ૨૦૪૫ સુધીમાં 'હાઈ ઈન્કમ કન્ટ્રી' એટલે કે ઊંચી માથાદીઠ આવક ધરાવતો દેશ બની શકે. આ દેશ આજે તેના આર્થિક વિકાસ અને ટેકનોલોજીના ક્ષેત્રમાં ઝડપથી આગળ વધી રહ્યો છે. તાજેતરમાં, વિયેતનામ સરકારે મધ્ય વિયેતનામના એક પ્રખ્યાત પ્રવાસન શહેર દાનાંગને દેશનું પ્રથમ ફ્રી-ટ્રેડ ઝોન (free-trade zone) જાહેર કર્યું છે. વિયેતનામ સરકારનો આ નિર્ણય દાનાંગ શહેરને એક આકર્ષક રોકાણ સ્થળ તરીકે વિકસાવશે, જેનાથી દેશના આર્થિક વિકાસને વેગ મળશે. દાનાંગ પહેલેથી જ ઘણી અગ્રણી ટેકનોલોજી કંપનીઓનું હબ છે, જેમાં વિયેતનામની સ્થાનિક કંપની FPT પણ સામેલ છે. FPT (એફપીટી) કોર્પોરેશન એ વિયેતનામની સૌથી મોટી ટેકનોલોજી કંપની છે, જેણે દાનાંગ શહેરમાં AI અને સેમિકન્ડક્ટર સેન્ટરની સ્થાપના કરી છે. આ કંપની વિયેતનામને ટેકનોલોજીના ક્ષેત્રમાં આગળ વધારવામાં મહત્વનો ભાગ ભજવી રહી છે. આ કંપનીનું નામ 'FPT' છે, જે 'એફટીપી' તરીકે પણ ઉચ્ચારવામાં આવે છે. એફટીપી કોમ્પ્યુટર ક્ષેત્રે વપરાતો શબ્દ છે. FTP (એફટીપી) - કમ્પ્યુટિંગ એટલે જો તમે કમ્પ્યુટિંગના સંદર્ભમાં "FTP" વિશે વાત કરી રહ્યા છો, તો તેનું પૂરું નામ File Transfer Protocol Au. FTP (ફાઈલ ટ્રાન્સફર પ્રોટોકોલ): આ એક પ્રોટોકોલ (નિયમોનો સમૂહ) છે જેનો ઉપયોગ કમ્પ્યુટર નેટવર્ક પર એક કમ્પ્યુટરથી બીજા કમ્પ્યુટરમાં ફાઈલોને ટ્રાન્સફર કરવા માટે થાય છે. સરળ શબ્દોમાં કહીએ તો, FTP નો ઉપયોગ કરીને તમે ઈન્ટરનેટ પર તમારા કમ્પ્યુટર પરથી સર્વર પર ફાઈલો અપલોડ કરી શકો છો અથવા સર્વર પરથી ફાઈલો ડાઉનલોડ કરી શકો છો. ટેકનોલોજી ક્ષેત્રે વિયેતનામની પ્રગતિ માની ન શકાય તેટલી મોટી છે. વિયેતનામ અમેરિકાની જેમ પોતાનું સિલિકોન વેલી વિકસાવી રહ્યું છે, જ્યાં કોમ્પ્યુટર, સોફ્ટવેર અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) જેવી પ્રવૃત્તિઓનો વિકાસ થઈ રહ્યો છે. તે જ રીતે, ઓટોમોબાઈલ ઉદ્યોગ માટે પણ એક મોટું ઔદ્યોગિક કેન્દ્ર ઊભું કરવામાં આવ્યું છે. FPT કંપની દાનાંગમાં AI અને સેમિકન્ડક્ટર સેન્ટર સ્થાપીને સ્થાનિક નિષ્ણાતોને પ્રોત્સાહન આપી રહી છે. આ સેન્ટર દ્વારા, FPT સ્થાનિક સત્તાવાળાઓ સાથે મળીને ટેકનોલોજીના વિકાસ અને માનવ સંસાધનોને તાલીમ આપવાનું કામ કરી રહી છે. FPTના સ્થાપક અધ્યક્ષ, ટ્રાઉંગ જિયા બિનના જણાવ્યા અનુસાર, કંપનીનો હેતુ ૨૦૩૦ સુધીમાં ૫,૦૦૦ લોકોને સેમિકન્ડક્ટર ક્ષેત્રે તાલીમ આપવાનો છે. આર્થિક અને ડિજિટલ વિકાસ : દાનાંગમાં આવેલો દાનાંગ સોફ્ટવેર પાર્ક-૨ ૨૦૨૦માં શરૂ થયો હતો અને તેમાં કુલ ૫ કરોડ અમેરિકન ડોલરનું રોકાણ કરવામાં આવ્યું છે. આ પાર્કમાં અત્યારે ૩૦ થી વધુ કંપનીઓ કામ કરી રહી છે અને ભવિષ્યમાં ૬,૦૦૦ લોકોને રોજગારી મળવાની અપેક્ષા છે. આ પાર્કનો ઉદ્દેશ ૨૦૨૫ના અંત સુધીમાં ૫૦૦ ટેકનિકલ નિષ્ણાતોને રોજગારી આપવાનો છે. વિયેતનામની અર્થવ્યવસ્થામાં ડિજિટલ ઈકોનોમીનો હિસ્સો પણ ઝડપથી વધી રહ્યો છે. ૨૦૨૩માં ડિજિટલ ઈકોનોમીનો હિસ્સો ૨૦% હતો, જે ૨૦૩૦ સુધીમાં ૪૦% થવાની શક્યતા છે. આ ઉપરાંત, વિયેતનામમાં એક હાઈટેક ડેટા સેન્ટર પણ બનાવવામાં આવી રહ્યું છે, જેમાં $૧.૫ બિલિયનનું રોકાણ થશે. ભવિષ્યની યોજનાઓ પણ જબરજસ્ત છે. વિયેતનામ તેના યુવા અને ટેકનોલોજી-પ્રવીણ લોકોના કારણે વૈશ્વિક સપ્લાય ચેનમાં પોતાનું સ્થાન મજબૂત કરવા માંગે છે. હાલમાં, તે સેમસંગ અને એપલ જેવી વૈશ્વિક કંપનીઓ માટે ઉત્પાદન કેન્દ્ર છે, જોકે મોટાભાગનું કામ એસેમ્બલિંગનું છે. ઉત્પાદનનું નથી. વિયેતનામના વડાપ્રધાન, ફામ મિન્હ ચિન્હ, આગામી વર્ષોમાં ૧ લાખ લોકોને AI અને સેમિકન્ડક્ટર ક્ષેત્રે તાલીમ આપવાની વાત કરી રહ્યા છે. FPT કંપની પણ માઈક્રોચિપ ડિઝાઈન અને એડવાન્સ પેકેજિંગ જેવા ક્ષેત્રોમાં આગળ વધવા માટે સક્રિય છે. આમ, વિયેતનામ ૨૦૪૫ સુધીમાં એક વિકસિત દેશ બનવાનું લક્ષ્ય ધરાવે છે. વિયેતનામનો આ વિકાસ એક પ્રેરણાદાયક ઉદાહરણ છે કે કેવી રીતે દ્રઢ ઈચ્છાશક્તિ અને સખત મહેનત દ્વારા કોઈપણ દેશ મુશ્કેલીઓમાંથી બહાર આવીને પ્રગતિ કરી શકે છે. મધ્ય વિયેતનામી શહેર દાનાંગ એના સફેદ રતી વાળા બીચ અને લક્ઝરી રિસોર્ટ માટે જાણીતું એક અગ્રણી પ્રવાસન સ્થળ છે. અને જ્યાં એફપીટી જેવી વિયેતનામની સ્થાનિક ટેક કંપનીઓ કાર્યરત છે તે હવે આવનાર સમયમાં એક મોટા અને નિર્ણાયક સંબંધ થકી વિયેતનામનું પહેલું ફ્રી-ટ્રેડ ઝોન બનવા જઈ રહ્યું છે. સ્વાભાવિક રીતે જ વિયેતનામ સરકારનો આ નિર્ણય તે દેશની અર્થવ્યવસ્થા અને આર્થિક વિકાસમાં બળ પૂરનાર પરિબળ બની રહેશે. દાનાંગ છેલ્લાં કેટલાંક વર્ષોથી સ્થાનિક અને વિદેશી રોકાણકારો માટે પણ આકર્ષક સ્થળ બન્યું છે. જેમ અમેરિકામાં કોમ્પ્યુટર, સોફ્ટવેર અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવી પ્રવૃત્તિઓનો ગજબનો વિકાસ થયો છે. આધુનિક ટેકનોલોજીમાં આ દેશ જરા પણ પાછળ નથી અમેરિકાની જેમ વિયેતનામે પણ પોતાનું સિલિકોન વેલી ડેવલપ કર્યું છે. જે પોતાનું સિલિકોન વેલી છે. જે રીતે ઓટો ઈન્ડસ્ટ્રી માટે ડેટ્રોઈટ છે તે જ રીતે એમણે પણ ઓટોમોબાઈલ ક્ષેત્રે ક્રાંતિકારી સંશોધન કર્યા છે અને એના માટે મોટું ઔદ્યોગિક કેન્દ્ર ઊભું કર્યું છે. જે વધુ વિસ્તારને આવરી લે છે. દાનાંગ શહેર પહેલાથી જ ઘણી અગ્રણી ટેક્નોલોજી કંપનીઓનું ઘર છે, જેમાં એફપીટીનો સમાવેશ થાય છે, જેણે આ વર્ષની શરૂઆતમાં ત્યાં એઆઈ અને સેમિકન્ડક્ટર સેન્ટરની સ્થાપના કરી હતી. આ થકી વિયેતનામની આ મોટી ટેક્નોલૉજિકલ કંપની સ્થાનિક નિષ્ણાતો અને ટેક્નોલૉજિકલ આવડતને પ્રોત્સાહન આપવાનું કામ કરી રહી છે. એફટીપી દાનાંગ ખાતેના આ નવા રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર થકી સ્થાનિક સત્તાવાળાઓ સાથે ભાગીદારીમાં સંશોધન કરવા તેમ જ ટેક્નોલૉજીનો વિકાસ અને માનવ સંસાધનોનો સેમીકન્ડક્ટર અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રે વિકાસ કરવા પ્રવૃત્ત બની રહી છે. એફટીપી કોર્પોરેશનના સ્થાપક અધ્યક્ષ ટ્રાઉંગજીયા બીનના કહેવા મુજબ આ કંપની ૨૦૩૦ સુધીમાં ૫,૦૦૦ લોકોને સેમીકન્ડક્ટર ક્ષેત્રે તાલીમ આપવા માટે પ્રતિબદ્ધ છે. એમનું આ સેન્ટર તાજેતરમાં જ દાનાંગ સોફ્ટવેર પાર્ક-૨ ખાતે કાર્યરત બન્યું છે અને ૨૦૨૫ના વર્ષના અંતે ૫૦૦ ટેકનિકલ નિષ્ણાતો અહીં કામ કરતા હોય એવી એની નેમ છે. વિયેતનામ એના ટેક્નોલૉજી પ્રવીણ યુવાધન અને પ્રમાણમાં સસ્તી મજૂરી આ બે મુદ્દા ઉપર આધાર રાખી આજે વિકાસમાં સપના સાકાર કરી રહ્યું છે. આપણે જે રીતે ધોલેરા સરના સપના સાકાર કરી રહ્યા છીએ તે જ રીતે વિયેતનામ પણ આવા મોટા સેન્ટર ડેવલપ કરી રહ્યું છે. એવી અપેક્ષા છે કે આગળ જતાં ત્યાં ૬૦૦૦ માણસો કામ કરતા હશે. જાન્યુઆરી ૨૦૨૫માં ૩૦ કરતાં વધારે કંપનીઓએ દાનાંગ પાર્ક-૨માં જગ્યા ભાડે રાખી છે. દાનાંગ ડિજિટલ ઈકોનોમીના રસ્તે પણ ઝડપથી આગળ વધી રહ્યું છે. ૨૦૩૦માં એની લગભગ ૪૦ ટકા આવક ડિજિટલ ઈકોનોમીમાંથી આવતી હશે જે પ્રમાણ ૨૦૨૩માં માત્ર ૨૦ ટકા હતું. આમ વિયેતનામે પોતાના વિકાસ માટે આવતી કાલની દિશા તરીકે એડવાન્સ્ડ સાયન્સ અને ટેક્નોલૉજીનો રસ્તો પસંદ કરી લીધો છે. દાનાંગમાં હાઈટેક ડેટા સેન્ટર પણ આકાર લઈ રહ્યું છે. એ ઉપરાંત હો ચી મિન્હ સીટી ખાતે ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સેન્ટર આકાર લેશે જે દેશનું અગ્રણી પ્રવૃત્તિ કેન્દ્ર બનશે. અગાઉ જેનો ઉલ્લેખ કર્યો તે ડેટા સેન્ટર વિયેતનામસ્થિત એક ફંડ દ્વારા સ્થપાઈ રહ્યું છે જેની પાછળ ૧.૫ અબજ ડૉલરનું રોકાણ થશે.આમ, અમેરિકાએ જે દેશને ધમરોળી નાખ્યો હતો એ દેશ રાખમાંથી આળસ મરડીને બેઠા થતા દેવહુમા પક્ષીની માફક પુર્નજન્મ પામીને વિકાસ ના નવા સોપાન ઝડપથી ચઢવા માગે છે. આ માટે જરૂરી વધારાનું ઈન્વેસ્ટમેન્ટ આ ઝોનમાં આકર્ષવા તે પ્રયત્નશીલ છે. તે અત્યારે પણ વૈશ્વિક ટેક્નિકલ કંપનીઓ જેવી કે સેમસંગ અને એપલનું ઉત્પાદન કેન્દ્ર છે. જોકે એમનું મોટાભાગનું કામ એસેમ્બલિંગનું છે; ઉચ્ચ ટેક્નોલૉજી હજુ તેઓ આ દેશમાં લઈ આવી નથી. વિયેતનામના વડાપ્રધાન પામ મીન ચીન ઝડપથી પ્રસરી રહેલ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અંગેની વાત કરતાં કહે છે કે આવનાર વર્ષોમાં વિયેતનામ એક લાખ વ્યક્તિઓને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ તેમ જ સેમીકન્ડક્ટર ક્ષેત્રે તાલીમ આપશે. એફટીપી કંપની માઈક્રોચીપ ડિઝાઈન ક્ષેત્રે પણ વધુ કામ કરીને એડવાન્સ પેકેજિંગ અને ઓટોમેટિક ટેસ્ટ ઈક્વીપમેન્ટ ટેસ્ટિંગના ક્ષેત્રે આગળ વધવા માગે છે. દાનાંગ સોફ્ટવેર પાર્ક-૨નું કુલ રોકાણ પાંચ કરોડ અમેરિકન ડૉલર છે. આ પાર્ક ૨૦૪૫ સુધીમાં ફરી પાછો વિશ્વના ઉચ્ચ માથાદીઠ આવક ધરાવતા વિકસિત દેશો સાથે કદમ મિલાવવા ધારે છે. આ એ જ વિયેતનામ છે, જ્યાં અમેરિકાએ લાખ્ખો લોકોનો નરસંહાર કર્યો હતો અને પર્યાવરણનો પણ સોથ વાળી નાખ્યો હતો. અમેરિકાએ આટલું માથે કર્યું હોવા છતાં આ દેશ આજે અમેરિકા સાથે પણ સારા સંબંધો ધરાવી પ્રગતિ કરી રહ્યો છે જે જગતના બીજા દેશો માટે ચોક્કસ પ્રેરણારૂપ બની શકે. તેની પ્રજા પર એટલી મહેનતુ છે કે જેને કારણે વિકાસના સપના સાકાર થઈ રહ્યા છે. જ્યાં કોઈ માણસ નવરો નથી, દરેકને કામ છે અહીં કોઈ કામચોર નથી આથી આ દેશ ઝડપભેર આગળ વધી રહ્યો છે. જે જગત માટે પ્રેરણારૂપ છે .

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૭૫ | ૧૬૭૫ |
| ઘઉં લોકવન | ૫૨૫ | ૫૪૨ |
| ઘઉં ટુકડા | ૫૨૭ | ૫૯૨ |
| જુવાર સફેદ | ૬૮૦ | ૭૯૦ |
| જુવાર લાલ | ૬૫૦ | ૭૫૦ |
| જુવાર પીળી | ૩૫૦ | ૪૫૦ |
| બાજરી | ૩૨૫ | ૫૦૦ |
| તુવેર | ૯૮૦ | ૧૩૩૦ |
| ચણા પીળા | ૯૫૦ | ૧૨૧૧ |
| ચણા સફેદ | ૧૨૮૦ | ૨૧૧૧ |
| અડદ | ૧૧૨૦ | ૧૫૦૭ |
| મગ | ૧૨૮૨ | ૧૬૩૩ |
| વાલ દેશી | ૭૭૫ | ૧૧૧૦ |
| ચોળી | ૯૦૦ | ૧૧૫૫ |
| મઠ | ૧૦૫૦ | ૨૦૦૦ |
| વટાણા | ૧૪૪૦ | ૨૫૯૨ |
| કળથી | ૫૫૦ | ૭૫૦ |
| સીંગદાણા | ૧૩૦૦ | ૧૪૦૦ |
| મગફળી જાડી | ૯૧૫ | ૧૧૫૦ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૧૪૦ |
| તલી | ૧૪૪૦ | ૧૨૦૦ |
| એરંડા | ૧૨૩૦ | ૧૨૮૨ |
| અજમો | ૮૦૦ | ૧૬૪૦ |
| સુવા | ૮૦૦ | ૧૬૪૦ |
| સોયાબીન | ૭૮૦ | ૯૨૦ |
| સીંગફાડા | ૯૦૦ | ૧૩૦૦ |
| કાળા તલ | ૨૮૦૧ | ૪૦૮૧ |
| લસણ | ૪૨૫ | ૮૧૦ |
| ધાણા | ૧૨૭૧ | ૧૪૫૪ |
| ધાણી | ૧૩૨૧ | ૧૪૭૧ |
| વરીયાળી | ૫૦૦ | ૧૧૭૨ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૬૩૨ |
| રાય | ૧૩૫૦ | ૧૫૫૦ |
| મેથી | ૮૫૦ | ૧૨૫૦ |
| ઇસબગુલ | ૧૦૫૧ | ૧૬૦૦ |
| રાયડો | ૧૦૫૦ | ૧૨૮૦ |
| રજકાનું બી | ૪૯૦૦ | ૬૨૨૫ |
| ગુવારનું બી | ૯૪૦ | ૯૯૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૧૧૦ | ૪૧૦ |
| પપૈયા | ૧૨૦ | ૨૬૦ |
| બટેટા | ૧૭૦ | ૩૫૧ |
| ડુંગળી સુકી | ૯૫ | ૩૧૦ |
| ટમેટા | ૫૯૦ | ૧૦૬૦ |
| સુરણ | ૮૬૦ | ૧૩૮૦ |
| કોથમરી | ૧૫૦ | ૪૩૦ |
| મુળા | ૧૪૦ | ૩૫૦ |
| રીંગણા | ૧૦૦ | ૨૭૦ |
| કોબીજ | ૧૩૦ | ૩૮૦ |
| ફ્લાવર | ૩૪૦ | ૫૧૦ |
| ભીંડો | ૪૯૦ | ૭૨૦ |
| ગુવાર | ૯૯૦ | ૧૪૬૦ |
| ચોળાસીંગ | ૧૭૦ | ૬૩૦ |
| વાલોળ | ૭૯૦ | ૧૨૨૦ |
| ટીંડોરા | ૩૯૦ | ૯૮૦ |
| દુધી | ૧૦૦ | ૨૬૦ |
| કારેલા | ૧૧૦ | ૨૭૦ |
| સરગવો | ૨૧૦ | ૧૨૫૦ |
| તુરીયા | ૨૭૦ | ૫૨૦ |
| પરવર | ૭૯૦ | ૧૨૧૦ |
| કાકડી | ૯૦ | ૪૧૦ |
| ગાજર | ૧૬૦ | ૩૬૦ |
| કંટોળા | ૧૧૯૦ | ૧૬૧૦ |
| ગલકા | ૧૦૦ | ૩૧૦ |
| બીટ | ૨૪૦ | ૫૬૦ |
| મેથી | ૭૬૦ | ૧૨૦૦ |
| વાલ | ૧૦૨૦ | ૧૩૬૦ |
| ડુંગળી લીલી | ૧૯૦ | ૪૧૦ |
| આદુ | ૪૬૦ | ૯૫૦ |
| મરચા લીલા | ૨૫૦ | ૪૯૦ |
| મગફળી લીલી | ૫૪૦ | ૮૯૦ |
| મકાઇ લીલી | ૧૩૦ | ૩૨૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૭૪૦ | ૧૦૩૮ |
| શિંગ મોટી | ૮૦૦ | ૧૦૫૫ |
| શિંગ દાણા | ૧૨૦૦ | ૧૪૭૦ |
| શિંગ ફાડા | ૧૧૧૫ | ૧૪૩૨ |
| તલ સફેદ | ૮૦૦ | ૨૧૪૫ |
| તલ કાળા | ૨૪૫૦ | ૪૧૪૫ |
| તલ કાશ્મીરી | ૧૦૯૦ | ૨૨૫૦ |
| બાજરો | ૩૨૨ | ૩૯૦ |
| જુવાર | ૫૭૧ | ૫૭૧ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૭૨ |
| ઘઉં લોકવન | ૫૧૯ | ૫૭૯ |
| મકાઈ | ૩૦૫ | ૩૦૫ |
| મગ | ૧૧૦૦ | ૧૪૧૫ |
| અડદ | ૧૩૫૬ | ૧૩૫૬ |
| ચણા | ૧૦૬૦ | ૧૨૧૬ |
| છોલે ચણા | ૧૬૬૨ | ૧૬૬૨ |
| ચોળી | ૧૪૯૫ | ૧૪૯૫ |
| તુવેર | ૮૦૦ | ૧૨૦૨ |
| કપાસ | ૭૯૯ | ૧૬૯૬ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૮૦ |
| જીરૂ | ૧૭૧૬ | ૩૪૬૫ |
| રાય | ૧૨૨૦ | ૧૨૯૫ |
| ઈસબગુલ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ગમ ગુવાર | ૮૨૪ | ૮૨૪ |
| ધાણી | ૧૦૧૦ | ૧૪૩૦ |
| અજમા | ૧૧૮૦ | ૧૧૮૦ |
| સોયાબીન | ૪૫૦ | ૮૭૯ |
| કાંગ | ૪૦૫ | ૪૦૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૮૦ | ૨૮૦ |
| રીંગણા | ૧૦૦ | ૧૨૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૭૨૦ |
| કોબીજ | ૪૦૦ | ૫૦૦ |
| શક્કરીયા | ૬૫૦ | ૭૫૦ |
| ટમેટાં | ૧૦૦૦ | ૧૧૦૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ગાજર | ૪૫૦ | ૫૫૦ |
| દુધી | ૧૫૦ | ૨૦૦ |
| કારેલા | ૪૦૦ | ૫૦૦ |
| ગલકા | ૩૨૦ | ૪૦૦ |
| કાકડી | ૩૦૦ | ૪૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ચોળા લીલાં | ૪૦૦ | ૫૩૦ |
| તુરીયા | ૪૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૪૦૦ |
| આદુ | ૭૦૦ | ૯૫૦ |
| કોથમીર | ૬૦૦ | ૭૦૦ |
| મેથીભાજી | ૫૫૦ | ૭૩૦ |
| ફોદીનો | ૭૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૩૫૦ | ૪૫૦ |
| લીમડો મીઠો | ૧૪૦ | ૧૬૦ |
| મરચાં લીલાં | ૬૦૦ | ૯૦૦ |
| ડુંગળી લીલી | ૩૨૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૩૦૦ |
| લસણ સુકુ | ૯૦૦ | ૧૨૦૦ |
| પાલક | ૬૦૦ | ૭૫૦ |
| લીંબુ | ૩૦૦ | ૪૦૦ |
| મકાઈ | ૨૮૦ | ૫૦૦ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૩૦૦ | ૧૦૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૬૦૦ |
| કોબી | ૬૦ | ૪૦૦ |
| દુધી | ૧૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૮૦૦ |
| કાકડી | ૮૦ | ૫૦૦ |
| રીંગણા | ૪૦ | ૫૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૮૦૦ |
| ગલકા | ૧૦૦ | ૪૦૦ |
| ગાજર | ૩૮૦ | ૭૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૮૦૦ |
| વાલ | ૧૦૦૦ | ૧૮૦૦ |
| વટાણા | ૨૨૦૦ | ૨૬૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૩૦૦ |
| બટેટા | ૨૦૦ | ૩૨૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૧૫ |
| તાંજળીયા પુરા | ૩ | ૧૦ |
| કોથમીર પુરા | ૧ | ૬ |
| મૂળા પુરા | ૫ | ૧૦ |
| કંટોલા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| પરવર | ૮૦૦ | ૧૨૦૦ |
| ઘીસોડા | ૮૦ | ૪૦૦ |
| લીંબુ | ૧૦૦ | ૩૦૦ |
| મેથી પુરા | ૨ | ૧૨ |
| બીટ પુરા | ૫ | ૧૫ |
| ચોરા | ૧૮૦ | ૬૦૦ |
| કારેલા | ૧૦૦ | ૪૦૦ |
| વાલોર | ૬૦૦ | ૧૦૦૦ |
| મગફળી લીલી | ૪૦૦ | ૭૦૦ |
| કાચા પોપૈયા | ૮૦ | ૩૦૦ |
| આદુ | ૫૦૦ | ૧૨૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૧૫ | ૩૦ |
| પાલક પુરા | ૨ | ૭ |
| **ધારી** | | |
| ચણા | ૧૧૫૦ | ૧૧૫૦ |
| એરંડા | ૧૨૮૭ | ૧૨૮૭ |
| ધાણા | ૧૧૫૦ | ૧૪૦૦ |
| મગ | ૧૨૦૦ | ૧૪૫૦ |
| **બગસરા** | | |
| ઘઉં લોકવન | ૩૦૧ | ૫૩૧ |
| ઘઉં ટુકડા | ૪૯૭ | ૪૯૮ |
| ચણા | ૯૦૦ | ૧૧૮૦ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૧૯૦૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૪૫ |
| અડદ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| શીંગદાણા | ૧૩૨૦ | ૧૫૫૦ |
| શીંગ ફાડા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| તલ કાળા | ૨૪૦૦ | ૩૬૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૦૦૦ |
| મગ | ૧૧૦૫ | ૧૩૭૦ |
| મેથી | ૮૪૦ | ૮૪૦ |
| જુવાર | ૭૩૦ | ૭૩૦ |
| મકાઈ | ૪૦૦ | ૪૦૦ |
| મગફળી | ૮૩૦ | ૮૭૦ |
| ધાણા | ૧૨૬૦ | ૧૪૦૦ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૦૯૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૫૫૦ | ૧૬૬૨ |
| કપાસ મીડીયમ | ૧૪૧૦ | ૧૫૨૦ |
| મગફળી | ૯૦૦ | ૧૧૦૦ |
| જીરૂ | ૨૮૪૦ | ૩૫૯૦ |
| તલ સફેદ | ૧૫૭૦ | ૧૬૫૦ |
| અડદ | ૧૦૨૫ | ૧૧૮૫ |
| ઘઉં | ૪૭૮ | ૫૧૨ |
| ચણા | ૧૦૦૫ | ૧૧૭૫ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જિણી | ૯૫૨ | ૧૦૯૦ |
| શીંગ મોટી | ૧૦૫૨ | ૧૧૪૧ |
| શીંગ દાણા | ૧૦૩૭ | ૧૪૨૩ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૦૨૦ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૯૦૧ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૬૦૦ |
| કપાસ | ૧૨૦૦ | ૧૬૭૫ |
| ઘઉ લોકવન | ૪૫૦ | ૫૧૦ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૨૫ |
| બાજરો | ૩૨૬ | ૫૨૧ |
| જુવાર | ૩૫૨ | ૭૦૦ |
| મગ | ૧૨૦૦ | ૧૫૦૨ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૮૫ |
| તુવેર | ૧૧૮૦ | ૧૨૭૬ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૩૬ | ૧૦૩૬ |
| તલ સફેદ | ૧૫૦૧ | ૧૯૦૦ |
| તલ કાળા | ૩૯૦૧ | ૩૯૦૧ |
| કપાસ | ૧૩૭૧ | ૧૩૭૧ |
| બાજરો | ૩૫૦ | ૬૦૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૮૨ |
| જુવાર | ૫૩૦ | ૯૦૪ |
| મકાઈ | ૫૩૨ | ૫૩૨ |
| તુવેર | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ચણા | ૭૫૦ | ૧૧૬૯ |
| મેથી | ૯૫૦ | ૧૦૦૦ |
| સોયાબીન | ૭૫૩ | ૮૦૧ |
| શીંગદાણા | ૧૪૦૦ | ૧૪૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૫૦ | ૧૧૪૦ |
| બાજરી હાઈબ્રીડ | ૪૦૦ | ૫૪૦ |
| ઘઉં | ૪૫૦ | ૫૫૪ |
| મેથી | ૭૦૦ | ૯૨૦ |
| જુવાર | ૬૦૦ | ૭૬૪ |
| અડદ | ૧૪૦૦ | ૧૫૨૮ |
| મગ | ૧૩૫૦ | ૧૮૦૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૯૦ |
| સફેદ તલ | ૧૪૦૦ | ૧૯૬૬ |
| કાળા તલ | ૨૩૦૦ | ૪૧૭૦ |
| સોયાબીન | ૮૦૦ | ૯૨૧ |
| સીંગદાણા | ૧૨૭૧ | ૧૫૩૬ |
| કાંગ | ૪૦૦ | ૫૫૬ |
| રજકો | ૩૦૦૦ | ૪૫૦૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૬૫૦ | ૭૧૫ |
| બાજરો | ૩૧૦ | ૩૯૦ |
| ઘઉં | ૪૯૦ | ૫૩૦ |
| મગ | ૧૨૦૦ | ૧૬૬૫ |
| અડદ | ૧૨૦૦ | ૧૪૩૦ |
| મેથી | ૮૦૦ | ૧૦૮૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૨૯ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૫૨૦ |
| મગફળી જીણી | ૮૦૦ | ૯૩૦ |
| તલ | ૧૨૦૦ | ૨૦૬૫ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૯૨૫ |
| રાયડો | ૧૧૦૦ | ૧૨૫૮ |
| લસણ | ૪૫૦ | ૮૫૦ |
| કપાસ | ૧૧૪૫ | ૧૫૩૫ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૬૬૦ |
| અજમો | ૧૧૦૦ | ૨૧૯૦ |
| ધાણા | ૮૯૦ | ૧૪૫૦ |
| ધાણી | ૧૦૦૦ | ૧૦૨૦ |
| ડુંગળી સૂકી | ૪૦ | ૨૯૦ |

## શબ્દ સંજોગ-૨૦૪૭



**આડી ચાવી :**
(૧) પવનમાં ફરફરવું તે (૩)
(૩) સિપાઈઓની કે પોલીસની નાની ટુકડીનો નાયક (૫)
(૭) મનનું વલણ (૨)
(૮) અપચો (૫)
(૯) નફો, કમાણી (૪)
(૧૨) એક જાતની પોચી ડાંગર (૨)
(૧૩) અગાઉ ન જોયું જાણ્યું હોય એવું (૨)
(૧૫) એક તંતુવાદ્ય (૩)
(૧૭) પોતીકું, અંગત (૨)
(૧૮) એક વાહન (૨)
(૧૯) મળસકું (૩)
(૨૦) પહેલો વકરો (૨)
(૨૧) શાહીનો ખડિયો (૩)
(૨૩) યાદી, સાંકળિયું (૨)
(૨૪) લગ્ન-પ્રસંગે અપાતું ખાણું (૩)
(૨૫) વાંસની હલકી ટોપલી (૩)
(૨૬) સવડ, સોઈ (૪)
(૨૭) ગંધ, વાસ (૧)

**ઊભી ચાવી :**
(૧) ખૂબ તેજ મારતું હોય તેમ (૪)
(૨) કુમળું, મુલાયમ (૩)
(૩) અંત, છેડો (૨)
(૪) અરે.....! (૨)
(૫) લાજે તેમ કરવું (૪)
(૬) દામવાળું, પૈસાદાર (૨)
(૮) નોકરીમાંથી કાઢી મૂકેલું (૫)
(૧૦) જથો, વિભાગ (૨)
(૧૧) ઉપર ચડી નીચે લપસવાનું બાળરમતનું એક સાધન (૪)
(૧૩) જોવું તે, દૃષ્ટિ (૩)
(૧૪) એક જાતનો મગર (૪)
(૧૬) વાજિંત્રો અને એની ધામધૂમ (૩)
(૧૭) પાણીથી ભરેલો નાનો ખાડો (૪)
(૧૮) લુચ્ચું, દુરાચારી (૪)
(૨૨) શેરડીનો એક રોગ (૨)
(૨૩) સૂચવાયેલું કે સૂચવેલું (૩)
(૨૫) કડી, તૂક (૨)

## શબ્દ સંજોગ-૨૦૪૬ જવાબ

**આડી ચાવી:** (૧) જલારામ (૪) શાહુકાર (૭) રીલ (૮) કાકલી (૯) લાજા (૧૦) મશિયાઈ (૧૧) નરવાઈ (૧૩) રીર (૧૫) કલા (૧૬) પેલેડિયમ (૧૯) આવેશ (૨૦) યામ (૨૧) કાચ (૨૨) લયલા (૨૪) શુનક (૨૫) મજા (૨૭) રામા (૨૮) તપ (૨૯) નપાતર.

**ઊભી ચાવી :** (૧) જરીમરી (૨) લાલશિર (૩) મકાઈ (૪) શાલીન (૫) કાલાવાલા (૬) રજાઈ (૧૨) રકમ (૧૪) ઉડિયાલા (૧૬) પેશલ (૧૭) યમ (૧૮) કચકચાટ (૧૯) આલામત (૨૧) કાન (૨૩) યવન (૨૪) શુમાર (૨૬) જાપ (૨૭) રાત.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

**નાગનાથ મહાદેવ અમરેલીથી ભોજલધામ ફતેપુર ભોજલરામ બાપાનાં ચરણો સુધી**

# લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ-અમરેલી દ્વારા પદયાત્રા યોજાઈ

અમરેલી,તા.૦૪







શ્રી લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંત શ્રી ભોજલરામ બાપાનાં સાનિધ્યમાં સર્વ સમાજનાં કલ્યાણ અર્થે પદયાત્રાનું આયોજન કરવામાં આવેલ હતું. આ પદયાત્રા દરમિયાન તેના રૂટમાં આવતા દેવસ્થાનો અને મહાપુરુષોની પ્રતિમાઓના દર્શન કર્યા હતા. શહેરમાં આ પદયાત્રાનું ઠેર ઠેર ફુલહાર અને પુષ્પ પાંદડીઓથી સ્વાગત કરવામાં આવ્યું હતું અને પદયાત્રીઓને વિવિધ સંસ્થાઓ દ્વારા ઠંડા પીણાં, શરબત, લસ્સી વિગેરે પીવડાવવામાં આવ્યા હતા, આ પદયાત્રાના રૂટ પર જે કચરો અને પ્લાસ્ટિક હતું તેને સમાજના યુવાનો દ્વારા એકઠો કરીને સ્વચ્છતાનો સંદેશ આપ્યો હતો. સંસ્થાના પ્રમુખ ડી.કે. રૈયાણી દ્વારા ભોજલરામબાપાનાં મંદિરમાં ધ્વજારોહણ અને મહાઆરતી કરવામાં આવ્યા હતા તથા ભોજલરામ મંદિરનાં મહંત ભક્તિરામબાપુને હાર તથા શાલ ઓઢાડીને ડી.કે. રૈયાણી દ્વારા લેઉવા પટેલ સમાજ વતી તેનું સન્માન કરવામાં આવ્યું હતું. સંસ્થાના ઉપપ્રમુખ રાજેશભાઈ માંગરોળીયાએ આભારવિધિ કરી હતી. અંતે મહાપ્રસાદ લઈને સૌ છુટા પડ્યા હતા. આ પદયાત્રામાં નારણભાઈ કાછડીયા, અશ્વિનભાઈ સાવલિયા, ડૉ. કાનાબાર, ભાવેશભાઈ સોઢા, રાજુભાઈ વિઠલાણી, વસંતભાઈ મોવલિયા, કાળુભાઈ ભંડેરી, કાંતિભાઈ વઘાસીયા, હિરેનભાઈ હિરપરા, મનીષભાઈ સંઘાણી, જગદીશભાઈ ભુવા, નિકુંજભાઈ સાવલિયા, મનોજભાઈ રૂપારેલ, દિનેશભાઈ ભુવા, પ્રેમજીભાઈ ડોબરીયા, રમેશભાઈ કાથરોટીયા, કાળુભાઈ સુવાગીયા, ચતુરભાઈ ખૂંટ, લેઉવા પટેલ સમાજની વિવિધ સંસ્થાઓના આગેવાનો, શૈક્ષણિક સંસ્થાઓના આગેવાનો, અમરેલી લોહાણા સમાજનાં આગેવાનો જોડાયા હતા તથા આ પદયાત્રાને સફળ બનાવવા ચેરિટેબલ ટ્રસ્ટ-અમરેલીના સભ્યો, ટીચર ટીમનાં સભ્યો, ખોડલધામ ટીમ તથા હોદ્દેદારોએ જહેમત ઉઠાવી હતી તેમ મંત્રી પ્રો. જે.ડી. સાવલિયા અને ભરતભાઈ બાવીશીની યાદીમાં જણાવાયુ છે.

# અમરેલી જિલ્લામાં 'સૌની યોજના'નું પાણી છોડવા અતુલ કાનાણીની માંગ

અમરેલી, તા.૦૪



અમરેલી જિલ્લામાં ચાલુ ચોમાસાની ઋતુમાં વરસાદની અછતને કારણે ખેડૂતો ચિંતિત છે. ખેડૂતોનો મહામૂલો પાક સુકાઈ રહ્યો છે, જેના કારણે ખેતીવાડીને ભારે નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, જિલ્લાના ખેડૂતો દ્વારા રાજ્ય સરકાર સમક્ષ તાત્કાલિક ધોરણે 'સૌની યોજના' (SAUNI Yojana) હેઠળ વિવિધ ચેકડેમો, તળાવો અને નદીઓમાં પાણી છોડવાની માગ જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી દ્વારા કરવામાં આવી છે. તેઓએ જણાવ્યું કે છે ખેડૂતોએ કરેલી રજૂઆત મુજબ, જો સૌની યોજનાનું પાણી અમરેલી જિલ્લાના વિવિધ જળાશયોમાં છોડવામાં આવે તો ખેડૂતોના બોર અને કૂવાના તળ ઊંચા આવશે. આનાથી તેઓ સિંચાઈ દ્વારા પોતાના ઊભા પાકને બચાવી શકશે. આ ઉપરાંત, જિલ્લાના વિવિધ ડેમોમાંથી સિંચાઈ યોજનાની કેનાલો દ્વારા પણ પાણી છોડવાની માગ કરવામાં આવી છે, જેથી ખેડૂતો સીધા કેનાલના પાણીથી પોતાના પાકને પાણી આપી શકે.

# અમરેલીમાં રાસાયણિક ખાતરની અછત અંગે કૃષિ મંત્રીને રજૂઆત

અમરેલી,તા.૦૪



ગુજરાતમાં ખેડૂતોએ ખેતરોમાં નિંદામણ કરી સાંતી ચલાવી દીધા છે. હાલમાં પાકને ખાતર આપવાનો સમય થયો છે, પરંતુ રાજ્યભરના ખાતર ડેપો પર યુરિયા, એનપીકે અને ડીએપી ખાતર ઉપલબ્ધ ન હોવાથી ખેડૂતો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. આ મુદ્દે ભાજપના અગ્રણી પ્રા. જે.એમ. તળાવિયાએ તાત્કાલિક કાર્યવાહી કરવા માટે કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલને પત્ર પાઠવીને રજૂઆત કરી છે.

# ઉના-ગીરગઢડા પંથકની શાહી, રૂપેણ, રાવલ અને મછુન્દ્રી નદીઓ સૂકી બની

ગીર સોમનાથ,તા.૦૪



ગીર પંથકમાં છેલ્લા ૪૫ દિવસમાં નહિવત વરસાદને કારણે ઉના-ગીરગઢડા પંથકની શાહી, રૂપેણ, રાવલ અને મછુન્દ્રી નદીઓ સૂકી બની જતાં ખેડૂતો ચિંતામાં મુકાયા છે. જંગલ વિસ્તારમાંથી પસાર થતી રાવલઅનેમછુન્દ્રીનદીમાંઆચોમાસા દરમિયાન એકપણ વાર નવા નીર આવ્યા નથી. દર વર્ષે શ્રાવણ માસમાં બે કાંઠે વહેતી રાવલ નદીમાં આજે પણ નહિવત પાણી જોવા મળી રહ્યું છે. ગીર વિસ્તારમાંથી પસાર થતી શાહી નદી ખાલીખમ જોવા મળે છે. ગીરગઢડાની મછુન્દ્રી નદીમાં પણ નવા નીરની આવક નહિવત જોવા મળી છે. ઉપરવાસમાં વરસાદને લીધે મછુન્દ્રી ડેમ ૯૫ ટકા ભરાઈ ગયેલ છે, પરંતુ હજુ સુધી નદીમાં પાણી આવ્યું નથી. ગીર પંથકમાં ચોમાસાના ૪૫ દિવસમાં એકપણ વાર ખેતરોમાં જરૂર મુજબનો વરસાદ ન વરસતા ધરતીપુત્રોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

# ભેંસાણ સહિત જૂનાગઢ જિલ્લામાં સંસ્કૃત સપ્તાહની ઉજવણી કરાશે

ભેંસાણ,તા.૦૪

સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસાર અને યુવા પેઢીમાં તેના પ્રત્યે જાગૃતિ ફેલાવવા માટે, સંસ્કૃત ભારતી, સૌરાષ્ટ્ર પ્રાંત, ગુજરાત સાહિત્ય અકાદમી-ગાંધીનગર, શ્રી વલ્લભાચાર્ય એજ્યુકેશન ટ્રસ્ટ, ભેસાણ અને શ્રી સમર્પણ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે જૂનાગઢ જિલ્લામાં તારીખ ૬ ઓગસ્ટથી ૧૨ ઓગસ્ટ દરમિયાન સંસ્કૃત સપ્તાહની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ ભેસાણ સહિત જિલ્લાની ૧૭ કોલેજો, માધ્યમિક શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં યોજાશે, જે સંસ્કૃત ભાષાના શૈક્ષણિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક મહત્વને ઉજાગર કરશે.

# માંડાવડ ખાતે વી.ડી. પટેલ શૈક્ષણિક સંકુલમાં વેસ્ટમાંથી બેસ્ટ રાખડીઓ બનાવવામાં આવી

વિસાવદર,તા.૦૪



વિસાવદર તાલુકાના માંડાવડ ગામે આવેલા વી.ડી. પટેલ શૈક્ષણિક સંકુલ ખાતે આગામી રક્ષાબંધનના પર્વની ઉજવણીના ભાગરૂપે એક અનોખા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શનિવારે યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ 'વેસ્ટમાંથી બેસ્ટ' વસ્તુઓનો ઉપયોગ કરીને જાતે જ રાખડીઓ બનાવી હતી. વિદ્યાર્થીઓએ પોતાની આગવી સુઝબુઝ અને કલાત્મકતાનો ઉપયોગ કરીને વિવિધ પ્રકારની સુંદર રાખડીઓ તૈયાર કરી હતી. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા અને કલા કૌશલ્ય વિકસાવવાનો હતો. આ પ્રસંગે સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી જે.કે.ઠેસિયા, કેમ્પસ ડિરેક્ટર પાદરીયા, આચાર્ય વાડોદરિયા અને સંસ્થાના તમામ કર્મચારીઓએ હાજર રહીને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને જીવનલક્ષી કળા વિકસે તે માટે સતત માર્ગદર્શન આપવાની ખાતરી આપી હતી અને રક્ષાબંધન પર્વનું મહત્વ પણ સમજાવ્યું હતું.

# કોડીનારના ડોળાસામાં દીપડીનું બચ્ચુ માતાની શોધમાં મેઈન બજારમાં આવી ગયું

કોડીનાર,તા.૦૪



તસવીર : અનીલ કાનાબાર

કોડીનાર તાલુકાના ડોળાસા ગામે આજે સવારના અગિયાર વાગ્યે દીપડીનું આશરે ચાર માસનું બચ્ચું "મા" ની શોધમાં બજારમાં આવી ગયું હતું. વન વિભાગને જાણ કરતા છારા બિટનો સ્ટાફ દોડી આવ્યો હતો અને તેનું રેસ્ક્યુ કરી તેમની સાથે લઈ ગયા હતા. રસિકભાઈ દરજીની દુકાનના છાપરા ઉપર બાળદીપડો લોકોની નજરે ચડ્યો હતો. આ સમાચાર ઝડપથી પ્રસરી જતાં લોકો એકઠા થવા લાગ્યા બાદ તે બચ્ચું ગભરાઈને દુકાનોના છાપરાઓ ઉપર છલાંગ મારી પાછળ આવેલ કુંભારવાડામાં ધનજીભાઈ લાખાભાઈ પ્રજાપતિના મકાનની પાછળ ખંડેરમાં છુપાઈ ગયું હતું. વન વિભાગને જાણ કરવામાં આવતા ફોરેસ્ટર સોલંકીભાઈ છારા બિટના વન વિભાગના કર્મચારીઓ અંકિતસિંહ રાજપૂત, મનદીપસિંહ પરમાર, મહેન્દ્રભાઈ રાઠોડ, અલીભાઈ, ભગીરથભાઈ, અમરુભાઈ અને જીતેશભાઈ મોરી ઘટના સ્થળે દોડી આવ્યા હતા.


**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ,અમરેલી -Ad 120

**સંકુલ - લેઉવા પટેલ ટ્રસ્ટ - મહિલા યુનિવર્સિટી આયોજન અને મંજુરી પ્રક્રિયા શરૂ**

★ સમય સાથે તાલ મીલાવવા અને સમયની માંગને પહોચી વળવા
★ તેમજ સ્પર્ધાત્મક વાતાવરણમાં ટકી રહેવા અને પ્રગતિ સાધવા
★ સંકુલમાં મહિલા યુનિવર્સિટી સ્થાપવાનું આયોજન અને મંજુરી પ્રક્રિયા ચાલુ છે.
★ પ્રથમ તબ્બકે આર્ટસ – કોમર્સ – સાયંસ મહિલા કોલેજ સમાવિષ્ટ થશે.
★ મહિલા યુનિવર્સિટી સ્થાપવામાં સૌના સહાકાર ની અપેક્ષા છે.


## એમ.સી.રાજ્યગુરૂ, તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટ

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૦૩/૨૦૨૫ તા.૧૬/૦૭/૨૦૨૫

વિવાદી :- ભાનુબેન લીંબાભાઈ ભુત
મુ.ભમરીયા, તા.ગારીયાધાર, જી.ભાવનગર મો.૮૨૩૮૯૫૮૪૯૭
અરજદારશ્રીના વિ.વ.શ્રી એસ.એસ.અમીર-એડવોકેટ
લાઠી, મો.૭૦૧૬૫ ૪૫૨૭૩

- //વિરૂધ્ધ//-

પ્રતિવિવાદીઃ- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત મુ.આંસોદર, તા.લાઠી, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.આંસોદર ગામના રહિશ આ કામના અરજદારશ્રી ભાનુબેન લીંબાભાઈ ભુતનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૦ના રોજ આંસોદર, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૧/૦૭/૨૦૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૨૮/૦૮/૨૦૨૫ ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

## તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમા

જન્મ/મરણ અરજી નંબર/૧૪૨/૨૦૨૪

અરજદાર :- શ્રી પટાટ સોમાતભાઈ ટપુભાઈ
રહે.હિંડોરણા, તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી કમ મંત્રીશ્રી, હિંડોરણા
તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના હિંડોરણા ગામના શ્રી પટાટ સોમાતભાઈ ટપુભાઈએ તેમના પત્ની સ્વ.શ્રી લાખુબેન સોમાતભાઈ પટાટની મરણ તા.૩૦/૧૧/૧૯૯૮ના રોજ હિંડોરણા મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એન. વી. બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજૂ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૧૬ માહે. મે સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૧૬/૦૫/૨૦૨૫

સહી.
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં મુ.રાજુલા

જન્મ/મરણ અરજી. નંબર/૨૩૪/૨૦૨૪

અરજદાર :- શ્રી ઉનડભાઈ બચુભાઈ મેગળ
રહે.બાલાપર, તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી, બાલાપર
તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના બાલાપર ગામના શ્રી ઉનડભાઈ બચુભાઈ મેગળના ભાઈ સ્વ. શ્રી દાનુભાઈ બચુભાઈ મેગળનુ મરણ તા.૨૪/૦૧/૧૯૯૮ ના રોજ મરણ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી નરશીભાઈ વી. બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજૂ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૧૮ માહે. ૮ સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૧૮/૦૮/૨૦૨૪

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નંબર/૧૪૪/૨૦૨૫

અરજદાર :- શ્રી રાઠોડ લાભુબેન ધનજીભાઈ
મુ.રાજુલા, તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
ચીફ ઓફીસર - નગરપાલીકા રાજુલા
તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના રાજુલા મુકામેના શ્રી રાઠોડ લાભુબેન ધનજીભાઈએ તેમના દીકરી નામે શ્રી મીનાબેન ધનજીભાઈ રાઠોડ નો જન્મ તા.૧૫/૦૮/૧૯૬૯ રોજ રાજુલા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી કે.બી.કામળીયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજૂ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૦૧ માહે. ઓગસ્ટ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૧/૦૮/૨૦૨૫

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## -//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-
## રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ નોંધણી/ અરજી નં.૧૫૫/૨૦૨૫ તા.૧૧/૦૭/૨૦૨૫

અરજદારશ્રીઃ- ૧. કૂતાણા મગનભાઈ નાનજીભાઈ
રહે.૨૦૪, સાગર એપાર્ટમેન્ટ, અંજની નગર સોસાયટી સામે,
પુણાગામ, સુરત

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલિકા કચેરી, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી કૂતાણા કોમલબેન મગનભાઈનો જન્મ તા.૧૩/૦૫/૨૦૦૨ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૫/૦૮/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

## -//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-
## રૂબરૂ સુનાવણી નોટીસ

નં.મરણ નોંધણી/અરજી નં.૪૮/૨૦૨૫

અરજદારશ્રીઃ- ગોહિલ છગનભાઈ પાતાભાઈ
રે.શિવાજીનગર, સાવરકુંડલા

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલીકા કચેરી, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પિતાશ્રી પાતાભાઈ ઉકાભાઈ ગોહિલનું મરણ તા.૧૫/૦૨/૧૯૮૪ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ નગરપાલિકા/ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૪/૦૯/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૨૮/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

## -//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-
## રૂબરૂ સુનાવણી નોટીસ

નં.મરણ નોંધણી/અરજી નં.૪૯/૨૦૨૫

અરજદારશ્રીઃ- ગોહિલ છગનભાઈ પાતાભાઈ
રે.શિવાજીનગર, સાવરકુંડલા

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલીકા કચેરી, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના માતાશ્રી નાનુબેન પાતાભાઈ ગોહિલનું મરણ તા.૦૭/૦૭/૧૯૮૯ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ નગરપાલિકા/ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૪/૦૯/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૨૮/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટસાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ નં.101/2025

પ્રતિ,
શ્રી હંસાબેન ગોપાલભાઈ મકવાણા
રહે. નગડલા, ગામ- નગડલા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, વી.એ.ખખર, જે.બી.રાઠોડ અને આર.વી.ગોહીલ કોડીનાર .....અરજદાર

વિરૂધ્ધ

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત, કચેરી, નગડલા/સુગાળા, તા.કોડીનાર, જિ.ગીર સોમનાથ ......સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના નગડલા ગામના રહીશ ગોપાલભાઈ કાનાભાઈ મકવાણા તથા હંસાબેન ગોપાલભાઈ મકવાણાના પુત્ર રાજવીરસિંહ ગોપાલભાઈ મકવાણાનો જન્મ તારીખ 10/10/2018 ના રોજ કોડીનાર તાલુકાના નગડલા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, નગડલા/સુગાળા, તાલુકો કોડીનાર સને.2018 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૧/૦૮/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૧/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(ડી.જી.વરમોરા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

# પાંચ વર્ષમાં ૭.૦૮ લાખ કરોડની કરચોરી પકડાઈ, નાણા રાજ્યમંત્રીએ લોકસભામાં આંકડા જાહેર કર્યા

નવીદિલ્હી,તા.૪




સેન્ટ્રલ જીએસટીના ફિલ્ડ ઓફિસરોએ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ સુધીના છેલ્લા પાંચ વર્ષમાં લગભગ ૭.૦૮ લાખ કરોડ રૂપિયાની કરચોરી શોધી કાઢી છે, જેમાં લગભગ ૧.૭૯ લાખ કરોડ રૂપિયાની ઈનપુટ ટેક્સ ક્રેડિટની છેતરપિંડીનો પણ સમાવેશ થાય છે. નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ લોકસભામાં આ સંબંધિત ડેટા શેર કર્યો. સરકાર દ્વારા આપવામાં આવેલા ડેટા અનુસાર, ફક્ત નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં જ સીજીએસટી ફિલ્ડ ઓફિસરો દ્વારા ૨.૨૩ લાખ કરોડ રૂપિયાથી વધુની ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ ચોરી પકડાઈ છે.

સરકારે લોકસભામાં જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૫ માં GST ચોરીના ૩૦,૦૫૬ કેસ મળી આવ્યા હતા. આમાંથી અડધાથી વધુ અથવા ૧૫,૨૮૩ કેસ આઈટીસી છેતરપિંડી સાથે સંબંધિત હતા. આ કેસોમાં ૫૮,૭૭૨ કરોડ રૂપિયાની કરચોરી આચરવામાં આવી હતી. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં સીજીએસટી ફિલ્ડ અધિકારીઓ દ્વારા ૨.૩૦ લાખ કરોડ રૂપિયાની જીએસટી ચોરી શોધી કાઢવામાં આવી હતી. આમાં ૩૬,૩૭૪ કરોડ રૂપિયાની આઈટીસી છેતરપિંડીનો સમાવેશ થાય છે.

નાણાકીય વર્ષ ૨૦૨૩ માં લગભગ ૧.૩૨ લાખ કરોડ રૂપિયાની GST ચોરી શોધી કાઢવામાં આવી હતી. આ ૨૪,૧૪૦ કરોડ રૂપિયાના નકલી આઈટીસી દાવાઓ સાથે જોડાયેલી હતી.

# દિલ્હીમાં ભારે વરસાદ અને તેજ પવન અંગે ચેતવણી, યુપીના ૧૪ જિલ્લા પૂરની ઝપેટમાં

નવીદિલ્હી,તા.૪



દેશના ઘણા રાજ્યોમાં રેકોર્ડબ્રેક વરસાદ પડી રહ્યો છે. નદીઓના પાણીનું સ્તર વધી ગયું છે, રસ્તાઓ સમુદ્ર બની ગયા છે, જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવી રહ્યા છે. વરસાદને કારણે દક્ષિણ અને પશ્ચિમ ભારતમાં ભારે વિનાશ જોવા મળી શકે છે. ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમમાં મુશળધાર વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. હવામાન વિભાગે દિલ્હીમાં ભારે વરસાદ અને તેજ પવન અંગે ચેતવણી જારી કરી છે. ખાસ કરીને આનંદ વિહાર, ઉત્તર, દક્ષિણ અને પશ્ચિમ દિલ્હી, જેમાં પટપડગંજ અને લક્ષ્મી નગરનો સમાવેશ થાય છે, ત્યાં ભારે વરસાદની આગાહી છે, જેના કારણે ટ્રાફિક વ્યવસ્થા પણ પ્રભાવિત થઈ શકે છે. યુપીના ઘણા ૧૪ જિલ્લાઓ હાલમાં પૂરની ઝપેટમાં છે, જેના કારણે લાખો લોકો પ્રભાવિત થયા છે અને જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. આકાશી આફત રાજ્યમાં લોકોની મુશ્કેલીઓમાં વધારો કરવા જઈ રહી છે. હવામાન વિભાગે ૫૦ જિલ્લાઓ માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. બલરામપુર, સિદ્ધાર્થનગર, મહારાજગંજ, કુશીનગર, દેવરિયા, સંત કબીર નગર, ગોંડા, બસ્તી, ગોરખપુરમાં ભારે પવન સાથે મુશળધાર વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે.

# હિન્દુ છોકરીઓ દુર્ગા અને કાલી બને, ક્યારેય બુરખાવાલી ન બને : ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી

ભોપાલ,તા.૪

બાગેશ્વર બાબા ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ જેહાદને લઈને નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું, "દેશમાં ઘણા જેહાદ ચાલી રહ્યા છે, જેમાં સ્પિટ જેહાદ, લેન્ડ જેહાદ અને લવ જેહાદનો સમાવેશ થાય છે. હતાશ અને સંકુચિત માનસિકતા ધરાવતા લોકો પ્રાયોજિત રીતે હિન્દુ બહેનો અને દીકરીઓને તેમના પ્રેમની જાળમાં ફસાવે છે અને જ્યારે તેમના ઈરાદા પૂર્ણ થતા નથી, ત્યારે તેઓ તેમને મારી નાખે છે. ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ કહ્યું, "હિન્દુ બહેનો અને દીકરીઓ આ સમજી રહી નથી, તેથી જ અમે દિવસ-રાત પ્રયાસ કરી રહ્યા છીએ કે હિન્દુઓ જાગે, જો હમણાં નહીં તો ક્યારેય નહીં. હિન્દુઓ, જો તમે હમણાં નહીં જાગો તો ક્યારે જાગશો. આજે બુરહાનપુરમાં આવું થયું, એક દિવસ આવશે જ્યારે દરેક ઘરમાં આવું થવાનું શરૂ નહીં થાય, તો મને કહો. જાતિવાદને અલવિદા કહો, આપણે બધા હિન્દી ભાઈઓ." સનાતન મહાકુંભમાં આ વાત કહેવામાં આવી હતી.

# ગંગા-યમુનાનું પાણી ભયજનક સપાટીને પાર કરતા પ્રયાગરાજના ૨૫૦થી વધુ ગામોમાં પૂરની અસર

પ્રયાગરાજ,તા.૪



પ્રયાગરાજમાં ચેતવણી બિંદુ પાર કર્યા પછી, ગંગા-યમુનાનું પાણીનું સ્તર ભયના નિશાનથી ઘણા મીટર ઉપર પહોંચી ગયું છે. પ્રયાગરાજ અને કૌશાંબીમાં ૨૫૦ થી વધુ ગામો અને વિસ્તારો પૂરની ઝપેટમાં આવ્યા છે. આમાંના મોટાભાગના ગામો અને વિસ્તારો પ્રયાગરાજના છે. યુપીના પ્રયાગરાજમાં ગંગા અને યમુના નદીએ વધુ ભયાનક સ્વરૂપ ધારણ કર્યું છે. ૮૪.૭૩૪ મીટરના ભયના નિશાનને પાર કર્યા પછી, ગંગા અને યમુનાનું પાણીનું સ્તર ૮૬ મીટરને વટાવી ગયું છે. ઉછાળો હજુ પણ ચાલુ છે. પરિસ્થિતિ ખૂબ જ ભયાનક બની રહી છે. શહેરના અનેક પૂરગ્રસ્ત વિસ્તારો પછી, હવે શહેરના ઘણા પોશ વિસ્તારો પણ પૂરથી પ્રભાવિત થઈ રહ્યા છે. વહીવટીતંત્રે બચાવ કાર્ય શરૂ કરી દીધું છે. જો પાણીનું સ્તર આ રીતે વધતું રહેશે, તો ૧૯૭૮નો રેકોર્ડ તૂટી શકે છે. સોમવારે, નૈનીમાં યમુના નદીનું પાણીનું સ્તર ૮૬.૦૪ (+૫૦) અને ફાફામાઉમાં ગંગા નદીનું પાણીનું સ્તર ૮૬.૦૩ (+૫૪) નોંધાયું હતું.૧૮૦ થી વધુ વિસ્તારો અને ગામડાઓમાં વીજળી પુરવઠો અને અભ્યાસ ખોરવાઈ ગયો છે.

# ગાઝામાં ભોજનની શોધમાં નીકળેલી ભીડ પર અંધાધૂંધ ગોળીબાર થતાં ૨૩ના મોત

ગાઝા,તા.૪

ગાઝા પટ્ટીમાં રવિવારે ભોજનની શોધમાં નીકળેલા એક જૂથના લોકોને ઈઝરાયલના સૈનિકોએ ગોળીથી વિંધી નાખ્યા હતા. ભોજન વિતરણ કેન્દ્ર પર ભોજન લેવા આવેલા પેલેસ્ટાઈનના લોકો પર ઈઝરાયલના સૈનિકોએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. જેમાં ૨૩ લોકોના મોત થયા હતા. હૉસ્પિટલના અધિકારીઓ અને પ્રત્યક્ષદર્શીઓએ આ અંગે માહિતી આપી હતી. ભોજન લેવા આવેલા પ્રત્યક્ષદર્શી યુસુફ આબેદે જણાવ્યું કે, અમે ભોજન લેવા આ ભોજન વિતરણ કેન્દ્ર પર આવ્યા હતા. જ્યાં અચાનક અંધાધૂંધ ગોળીબાર થવા લાગ્યો હતો. અમે આમ-તેમ દોડવા લાગ્યા હતા. જમીન પર થોડી જ ક્ષણોમાં ચારે બાજુ લાશોના ઢગલાં જોવા મળ્યા હતા. મૃતદેહોની આસપાસ લોહીના ખાબોચિયા થયા હતા. ભીષણ ગોળીબારના કારણે કોઈ મદદે આવી શક્યું નહીં. દક્ષિણ ગાઝાની નાસેર હૉસ્પિટલના વહીવટીતંત્રે જણાવ્યું કે, અનેક ભોજન વિતરણ કેન્દ્રો પર ઈઝરાયલની સેના દ્વારા હુમલા થયા હતા.

# રશિયન સેનાએ યુક્રેનના ઝાપોરિઝિયા પરમાણુ પ્લાન્ટના સુવિધા કેન્દ્ર પર હુમલો કરતા ભારે નુકસાનની ભીતિ

કિવ,તા.૪



રશિયન સેનાએ યુક્રેનના ઝાપોરિઝિયા પરમાણુ પ્લાન્ટના સુવિધા કેન્દ્ર પર હુમલો કર્યો છે, તેને નિશાન બનાવ્યું છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ઘણા લોકો ઘાયલ થયા છે અને મોટા પાયે નુકસાન થયું છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ હુમલો મુખ્ય પરમાણુ કેન્દ્રથી માત્ર ૧૨૦૦ મીટર દૂર થયો હતો. ઈન્ટરનેશનલ એટોમિક એનર્જી મોનિટરિંગ એજન્સીએ પણ ઝાપોરિઝિયા પર રશિયન હુમલાની પુષ્ટિ કરી છે. આમાં તેના સુવિધા કેન્દ્રને ભારે નુકસાન થયું છે. સુત્રોના જણાવ્યા અનુસાર રશિયન સેના આ પ્રદેશ પર સતત દારૂગોળો ચલાવી રહી છે અને રહેણાંક વિસ્તારોને નિશાન બનાવી રહી છે. ઝાપોરિઝિયા પ્રાદેશિક લશ્કરી વહીવટના વડા ઈવાન ફેડોરોવે ટેલિગ્રામ પર જણાવ્યું હતું કે દુશ્મનોએ રાતોરાત અનેક ગામો પર હુમલો કર્યો. વેસેલિયાન્કામાં રશિયન ગોળીબારથી ઘણા ઘરો નાશ પામ્યા હતા જ્યારે અન્યને નુકસાન થયું હતું. રશિયન હુમલામાં અનેક વિસ્ફોટો પછી આગ લાગી હતી.

# ચીન અમેરિકા સામે નહી ઝુકે : રશિયા અને ઈરાન પાસેથી તેલ ખરીદવાનું ચાલુ રાખશે

(એચ.એસ.એલ),બેઈજિંગ,તા.૪



યુએસ રશિયા અને ઈરાન પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદતા દેશો પર કડક બની રહ્યું છે. જોકે, ચીને અમેરિકાની આ માંગણી સ્વીકારવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો છે. વેપાર કરાર પર ચીન અને અમેરિકા વચ્ચે પણ વાતચીત ચાલી રહી છે અને એવી અપેક્ષા છે કે બંને દેશો વચ્ચે ટૂંક સમયમાં વેપાર કરાર થઈ શકે છે, પરંતુ ચીને રશિયા અને ઈરાન પાસેથી તેલ ન ખરીદવા પર કડક વલણ અપનાવ્યું છે. ચીનના વિદેશ મંત્રાલયે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર શેર કરેલી પોસ્ટમાં લખ્યું કે 'ચીન હંમેશા રાષ્ટ્રીય હિતને ધ્યાનમાં રાખીને તેની ઉર્જા જરૂરિયાતોનો પુરવઠો સુનિશ્ચિત કરશે.' અમેરિકાએ રશિયા અને ઈરાન પાસેથી તેલ ખરીદવા બદલ ચીન પર ૧૦૦ ટકા ટેરિફ લાદવાની ધમકી આપી છે. જેના પર ચીનના વિદેશ મંત્રાલયે બુધવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર શેર કરેલી પોસ્ટમાં લખ્યું કે 'ચીન હંમેશા રાષ્ટ્રીય હિતને ધ્યાનમાં રાખીને તેની ઉર્જા જરૂરિયાતોનો પુરવઠો સુનિશ્ચિત કરશે.'

# કેટલાક લોકો સત્તા વહેંચવા માટે સહમત નથી, કર્ણાટકના ડેપ્યુટી સીએમ ડી.કે. શિવકુમાર

નવીદિલ્હી,તા.૪



કર્ણાટકમાં ટોચના પદ માટે તેમના બોસ મુખ્યમંત્રી સિદ્ધારમૈયા સાથે ઝઘડામાં ફસાયેલા જોવા મળતા કોંગ્રેસ નેતા ડીકે શિવકુમારે દિલ્હીમાં ગાંધી પરિવારની પ્રશંસા કરી અને કેટલીક તીખી ટિપ્પણીઓ પણ કરી. તેમણે સીએમ સિદ્ધારમૈયા પર પણ કટાક્ષ કર્યો અને કહ્યું કે કેટલાક લોકો સત્તા વહેંચણી પર સહમત નથી. દિલ્હીમાં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિ દ્વારા આયોજિત ''બંધારણીય પડકારો'' શીર્ષકવાળા કાર્યક્રમમાં રાજકારણમાં સત્તા વહેંચણી પર બોલતા, શિવકુમારે ગાંધી પરિવારની પ્રશંસા કરી અને કોંગ્રેસ સાથેના તેમના લાંબા કાર્યકાળ અને કર્ણાટકમાં પાર્ટીને સત્તામાં લાવવાના તેમના પ્રયાસો વિશે પણ વાત કરી. ડીકે શિવકુમારે ૨૦૦૪ માં સોનિયા ગાંધીના વડાપ્રધાન પદનો ઈનકાર કરવાના નિર્ણયની પ્રશંસા કરી અને રાજકારણમાં સત્તા વહેંચણી વિશે વાત કરી.

# બિહારમાં રાહુલ ગાંધીની પદયાત્રા પહેલા કોંગ્રેસના દલિત નેતા અશોકરામનું રાજીનામું

પટણા,તા.૪

કોંગ્રેસે બિહારમાં એક દલિત ચહેરાને પ્રોત્સાહન આપ્યું હતું. તેમને રાજ્યના કાર્યકારી પ્રમુખ બનાવ્યા. તેઓ કોંગ્રેસના વરિષ્ઠ નેતા રહ્યા છે. તેઓ છ વખત ધારાસભ્ય રહી ચૂક્યા છે. તેઓ રાબડી સરકારમાં મંત્રી પણ રહી ચૂક્યા છે. તેમણે એમ કહીને છોડી દીધા કે કોંગ્રેસને હવે તેમની જરૂર નથી. દેખીતી રીતે, અમે અશોક રામ વિશે વાત કરી રહ્યા છીએ. કોંગ્રેસના અગ્રણી નેતાઓમાંના એક અશોક રામ હવે જનતા દળ યુનાઈટેડ (જેડીયુ) ના નેતા બની ગયા છે. જો રાજકીય વિશ્લેષકોનું માનવું હોય, તો ચૂંટણીના થોડા મહિના પહેલા આ કોંગ્રેસ માટે આંચકો સાબિત થઈ શકે છે. અશોક રામ પટણામાં જેડીયુ કાર્યાલયમાં ઔપચારિક રીતે પાર્ટીમાં જોડાયા. જદયુના કાર્યકારી રાષ્ટ્રીય અધ્યક્ષ સંજય કુમાર ઝાએ તેમને સંસદીય મંત્રી વિજય ચૌધરી અને પ્રદેશ પ્રમુખ ઉમેશ કુશવાહાની હાજરીમાં સભ્યપદ આપ્યું.

# તેલ અને કુદરતી ગેસના ભંડાર પાકિસ્તાનના નહીં બલુચિસ્તાનના છે : મીર યાર બલોચ

બલુચિસ્તાન, તા.૪



પાકિસ્તાનમાં એક વિશાળ તેલ અને કુદરતી ગેસ પ્લાન્ટ સ્થાપવાનું યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું સ્વપ્ન પૂર્ણ થવું મુશ્કેલ લાગે છે. બલુચિસ્તાનના નેતા મીર યાર બલોચે તેમના ભૂતપૂર્વ એકાઉન્ટ પર એક પોસ્ટ દ્વારા ડોનાલ્ડ ટ્રમ્પને ચેતવણી આપી છે... તેલ અને કુદરતી ગેસ જેવા કોઈપણ ભંડાર તરફ પગલું ન ભરવું. બલુચિસ્તાનના નેતાએ સ્પષ્ટપણે કહ્યું છે કે તેલ, ગેસ, લિથિયમ, યુરેનિયમ જેવા તમામ ખનીજો બલુચિસ્તાનના છે, પાકિસ્તાનના નહીં. મુનીરે તમને ગેરમાર્ગે દોર્યા છે. તેથી તેમને એકલા છોડી દો. મીર યાર બલોચે લખ્યું, "આ ક્ષેત્રમાં વિશાળ તેલ અને ખનિજ સંસાધનોની ઓળખ અંગેનું તમારું મૂલ્યાંકન એકદમ સાચું છે. તેલ, કુદરતી ગેસ, તાંબુ, લિથિયમ, યુરેનિયમ અને દુર્લભ પૃથ્વી ખનિજોના આ વણઉપયોગી ભંડાર પાકિસ્તાનના પંજાબ ક્ષેત્રમાં સ્થિત નથી, જે વાસ્તવમાં પાકિસ્તાનનો એક ભાગ છે.

# વિરાટ કોહલી સાથેના અફેરની અફવાઓ પર તમન્ના ભાટિયાનો ખુલાસો : 'હું તેમને ફક્ત એક જ દિવસ મળી હતી'

મુંબઈ,તા.૪



તમન્ના ભાટિયા ફિલ્મો કરતાં અફેર્સ અને અન્ય કારણે વધુ ચર્ચામાં રહી છે. વિજય વર્મા સાથેના બ્રેકઅપ પછી, તમન્ના ભાટિયાના અફેર્સને લઈને ઘણી ચર્ચા થઈ હતી. અભિનેત્રી વિશે એવી અફવાઓ હતી કે તેણીએ દિગ્ગજ ક્રિકેટર વિરાટ કોહલીને ડેટ કરી હતી. અભિનેત્રીએ હવે આ અફવાઓ પર પોતાની પ્રતિક્રિયા આપી છે. બોલિવૂડ એક્ટ્રેસ તમન્ના ભાટિયાનું જબરદસ્ત ફેન ફોલોઈંગ છે. અભિનેત્રીએ પોતાની સુંદરતા, ડાન્સ અને અભિનયથી લાખો લોકોને દિવાના બનાવ્યા છે. લોકો તેના અંગત જીવન વિશે જાણવા માટે ઉત્સુક છે. લાંબા સમયથી તેના વિશે એવી અફવાઓ હતી કે તેણીએ વિરાટ કોહલી અને અબ્દુલ રઝાક જેવા ક્રિકેટરોને ડેટ કરી હતી. આ સવાલો અંગે લાંબા સમયથી કોઈને કોઈ કનેક્શન જોડીને ચર્ચાઓ થતી રહેતી હતી, પરંતુ હવે એક્ટ્રેસે આ અંગે સ્પષ્ટતા કરી છે. માત્ર આજે નહીં પરંતુ તમન્ના ભાટિયા ઘણીવાર અફવાઓના કેન્દ્રમાં રહી છે. તેણે હવે અફવાઓ પર પ્રતિક્રિયા આપી છે. ભારતીય ક્રિકેટ સુપરસ્ટાર વિરાટ કોહલી સાથેના તેના કથિત સંબંધો પર તમન્નાએ કહ્યું, 'મને ખૂબ ખરાબ લાગે છે કારણ કે હું તેમને ફક્ત એક દિવસ મળી હતી. શૂટિંગ પછી હું ક્યારેય વિરાટને મળી નથી. ન તો મેં તેમની સાથે વાત કરી હતી અને ન તો હું તેમને મળી છું.' તમન્ના અને વિરાટનો એક જાહેરાત શૂટનો ફોટો વાયરલ થયો હતો, જેના કારણે ૨૦૧૦ની શરૂઆતમાં એવી અફવાઓ ફેલાઈ હતી કે બંને ડેટિંગ કરી રહ્યા છે. પરંતુ જેમ તેમણે કહ્યું હતું, તે ફક્ત એક વ્યાવસાયિક વાતચીત હતી, તેનાથી વધુ કંઈ નહીં.

# ભારત-ઈંગ્લેન્ડના બેટ્સમેનોએ મળીને કુલ ૨૧ સદી ફટકારી

(એચ.એસ.એલ),ઓવલ,તા.૪



ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી આ પાંચ મેચની ટેસ્ટ શ્રેણીમાં, બંને ટીમના બેટ્સમેનોએ મળીને ઘણા બધા રન બનાવ્યા. આ જ કારણ છે કે ઈંગ્લેન્ડ અને ભારતના બેટ્સમેનોએ મળીને કુલ ૨૧ સદી ફટકારી. ટેસ્ટ ક્રિકેટમાં આ બીજી વખત છે જ્યારે કોઈ ટેસ્ટ શ્રેણીમાં ૨૧ સદી ફટકારવામાં આવી છે. આ પહેલા ૧૯૫૫માં ઓસ્ટ્રેલિયા અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે રમાયેલી શ્રેણીમાં આ સિદ્ધિ હાંસલ કરવામાં આવી હતી. તે શ્રેણીમાં બંને ટીમોએ કુલ ૨૧ સદી ફટકારી હતી. ભારત-ઈંગ્લેન્ડ શ્રેણીની વાત કરીએ તો, ભારતીય ટીમે અહીં કુલ ૧૨ સદી ફટકારી હતી. શુભમન ગિલે આ શ્રેણીમાં સૌથી વધુ ૪ સદી ફટકારી હતી. તેના સિવાય કેએલ રાહુલ, યશસ્વી જયસ્વાલ અને ઋષભ પંતે ૨-૨ સદી ફટકારી હતી. તે જ સમયે, રવિન્દ્ર જાડેજા અને વોશિંગ્ટન સુંદરના બેટમાંથી એક-એક સદી જોવા મળી હતી. ઈંગ્લેન્ડની વાત કરીએ તો, જો રૂટે ત્યાં સૌથી વધુ ૩ સદી ફટકારી હતી. તેના સિવાય, હેરી બ્રુકના બેટમાંથી બે સદી ફટકારી હતી. તે જ સમયે, બેન ડકેટ, જેમી સ્મિથ, ઓલી પોપ અને બેન સ્ટોક્સ એક-એક સદી ફટકારવામાં સફળ રહ્યા હતા. એન્ડરસન-તેંડુલકર ટ્રોફીમાં સૌથી વધુ રન બનાવનારા બેટ્સમેનોની વાત કરીએ તો, ટીમ ઈન્ડિયાના ટેસ્ટ કેપ્ટન શુભમન ગિલનું નામ ટોચ પર છે. તેણે આ શ્રેણીમાં પાંચ મેચની ૧૦ ઈનિંગ્સમાં ૭૫.૪૦ ની સરેરાશથી ૨૫૪ રન બનાવ્યા.

# ઉનાના ભાચા ગામે દીપડાએ ફાડી ખાતા બાળકનું મોત

ઉના,તા.૦૪



ઉના તાલુકાના ભાચા ગામ નજીકના ખોડિયારધાર વિસ્તારમાં એક દીપડાએ ઝૂંપડામાં પિતાની બાજુમાં સૂતેલાં બે વર્ષના માસૂમ બાળકને ફાડી ખાધો હતો. પિતાએ પોતાના એકના એક દીકરાને બચાવવા માટે દોટ મૂકી, પરંતુ તેમના હાથમાં માત્ર પુત્રનો મૃતદેહ જ આવ્યો. આ કરુણ ઘટનાથી પરિવાર પર આભ ફાટી પડ્યું છે અને માતાના હૈયાફાટ રુદનથી આસપાસના લોકો પણ હચમચી ગયા છે. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં શોક અને ભયનો માહોલ ફેલાયો છે. ઘટનાની વિગતો અનુસાર, ભૂપતભાઈ જીવાભાઈ સોલંકી અને તેમનો પરિવાર ખોડિયારધાર વિસ્તારમાં આવેલા ઝૂંપડામાં રહે છે. રાત્રિના લગભગ એક વાગ્યે તેમનો બે વર્ષનો પુત્ર રાજવીર, તેના પિતાની બાજુમાં સૂતો હતો. એ જ સમયે એક દીપડો ઝૂંપડામાં ઘૂસી આવ્યો અને બાળકને તેના ગળાના ભાગેથી પકડીને લઈ ગયો, જેથી તે ચીસ પણ પાડી શક્યો નહોતો. જાગી ગયેલા ભૂપતભાઈએ પુત્ર રાજવીરને ન જોતા તેમણે અને આસપાસના લોકોએ દીપડાનો પીછો કર્યો હતો. લગભગ એક કિલોમીટર દૂર એક વાડીમાં આંબાના ઝાડ નીચે દીપડો બાળકને લોહીલુહાણ હાલતમાં લઈને બેઠો હતો. લોકોએ બૂમાબૂમ કરતાં દીપડો બાળકને છોડીને ભાગી ગયો હતો, પરંતુ ત્યાં સુધીમાં રાજવીરનું મૃત્યુ થઈ ચૂક્યું હતું. આ બનાવથી ગ્રામજનોમાં ભયનો માહોલ છે.

# ગુજરાતમાં ખાતરમાં ચાલતી ગોલમાલ મામલે ૧૦ જિલ્લાના ૩૭ ડીલર્સને નોટિસ

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૪



ખાતરમાં ચાલતા ગોટાળા અંગે સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. ૧૦ જેટલા જિલ્લાના ૩૭ ડીલરોને ખાતરના વેચાણ અંગે નોટિસ ફટકારવામાં આવી છે. રાજ્યના ૧૦ જેટલા જિલ્લામાં માર્ચ-એપ્રિલ ૨૦૨૫માં ખાતરનો અસામાન્ય જથ્થો વેચાયો હોવાનું સામે આવ્યું. વર્ષ ૨૦૨૪ની સરખામણીએ ૪૦ થી ૬૫ ટકા વધુ જથ્થો વેચાયો. જ્યારે કે, માર્ચ-એપ્રિલમાં ખાતરની જરૂર ખેડૂતોને નહીવત હોય છે.

ગુજરાતમાં ખાતરમાં ચાલતી ગોલમાલ મુદ્દે મહત્વના સમાચાર સામે આવ્યા છે. ૧૦ જિલ્લાના ૩૭ ડીલર્સને નોટિસ ફટકારવામાં આવી છે. તપાસમાં જણાવાયું કે, મંજૂરી વિના જ બે જગ્યાએ યુરિયાનું વેચાણ થતુ હતું. જામનગરના ગુજરાત ફર્ટિલાઈઝર્સ ડીલર્સ એસોસિએશને મંજૂરી ન હોવા છતાં યુરિયાનું વેચાણ કર્યું. ભાવનગરના ગુજરાત ઓનિયન ગ્રોવર્સ ફેડરેશન પાસે પણ યુરિયાના વેચાણનું લાયસન્સ નથી. બંનેએ વગર લાયસન્સે યુરિયાનું માર્ચ અને એપ્રિલમાં વેચાણ કરતા શંકા ઉપજી હતી. ભાવનગર, રાજકોટ, સુરેન્દ્રનગર, સાબરકાંઠા, મોરબી, નવસારી, છોટાઉદેપુર, બોટાદ, મહીસાગર, અરવલ્લી જિલ્લામાં વેચાણ થયું હોવાનું સામે આવ્યું છે. રસપ્રદ બાબત એ છે કે, ગુજરાતના કૃષિમંત્રી રાઘવજી પટેલના જિલ્લામાં જ મંજૂરી વગર યુરિયા ખાતરનું વેચાણ થયું હોવાનું સામે આવ્યું છે.

# જંબુસરમાં નિર્માણાધીન બલ્ક ડ્રગ પાર્કની કામગીરીનું નિરીક્ષણ કરતા મુખ્યમંત્રી પટેલ



(એચ.એસ.એલ),ભરૂચ,તા.૪

૨૦૧૫ એકર વિસ્તારમાં ૩૯૦૦ કરોડના અંદાજિત ખર્ચ સાથે અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રક્ચર યુક્ત બલ્ક ડ્રગ પાર્કની કોમન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓની કામગીરી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નિહાળી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભરૂચ જિલ્લાના જંબુસરમાં ૮૧૫ હેક્ટર(૨૦૧૫ એકર) વિસ્તારમાં નિર્માણ પામી રહેલા બલ્ક ડ્રગ પાર્કની સ્થળ મુલાકાત લઈને ત્યાં થઈ રહેલી વિવિધ નિર્માણ કામગીરીની પ્રગતિનું નિરીક્ષણ કર્યું હતું.

# શ્રાવણ માસના બીજા સોમવારે અમદાવાદ સહિત ગુજરાતભરના શિવાલયોમાં ભક્તોની ભારે ભીડ ઉમટી

અમદાવાદ,તા.૦૪



શ્રાવણ માસના બીજા સોમવારે અમદાવાદ સહિત ગુજરાતભરના શિવાલયોમાં ભક્તોની અપાર ભીડ જોવા મળી. શહેરના અનેક શિવ મંદિરોમાં વહેલી સવારથી જ ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું. 'હર હર મહાદેવ'ના ગગનભેદી નાદ સાથે શિવભક્તો ભક્તિરસમાં ડૂબેલા દેખાયા. દેવાધિદેવ મહાદેવની આરાધના માટે ભક્તોએ બિલીપત્ર, ફૂલો, ફળો અને દૂધ-જળથી અભિષેક કરી શિવજીને અર્પણ કર્યા હતાં.

શહેરના નિર્ણયનગર વિસ્તારમાં આવેલા પ્રસિદ્ધ રામેશ્વર મહાદેવ મંદિરમાં આજે ભક્તોનો ખાસ ધસારો જોવા મળ્યો. વહેલી સવારથી જ મંદિર પરિસરમાં ભક્તોનું કીડીયારું ઉભરાયું હતું. રામેશ્વર મહાદેવનો આજે વિશેષ શણગાર કરવામાં આવ્યો, જેમાં ફૂલોની માળા, ચંદન અને વિવિધ શણગારોથી શિવલિંગને સજાવવામાં આવ્યું હતું. આ દિવ્ય શણગારે ભક્તોના મનમાં ભક્તિનો ઉમંગ વધાર્યો હતો. શ્રાવણ મહિનાના બીજા સોમવારે સોમનાથ મહાદેવના દર્શન કરવા માટે શિવભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું.

# રાજ્યમાં 'સેન્દ્રીય ખેતીને પ્રોત્સાહન આપવાની યોજના' હેઠળ ખેડૂતોએ રજસ્ટ્રેશન માટે અરજી કરવી

(એચ.એસ.એલ),ગાંધીનગર,તા.૪

એપીઈડીએ માન્ય સંસ્થાઓ ખાતેથી સર્ટિફિકેશનની કામગીરી કરાવતા ખેડૂતોએ સહાય મેળવવા માટે આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી કરવાની રહેશે. ગુજરાતની ધરતીને રસાયણમુક્ત બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા પ્રાકૃતિક ખેતી ઉપરાંત સેન્દ્રીય ખેતીને પણ પ્રોત્સાહન આપવા અનેકવિધ પગલાઓ હાથ ધરવામાં આવી રહ્યા છે. ગુજરાતમાં "સેન્દ્રીય ખેતીને પ્રોત્સાહન આપવાની યોજના" હેઠળ એપીઈડીએ દ્વારા માન્ય કરાયેલી સંસ્થાઓ મારફતે સર્ટિફિકેશન કરાવવાની પ્રક્રિયામાં ખેડૂત મિત્રોને રજીસ્ટ્રેશન માટે થતા ખર્ચમાં રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે. એપીઈડીએ માન્ય ગુજરાત ઓર્ગેનિક પ્રોડક્ટ સર્ટિફિકેશન એજન્સી ખાતે સર્ટિફિકેશન માટે ખેડૂતોને થતા ખર્ચમાંથી ૭૫ ટકા સુધીની એટસોર્સ સહાય-સબસિડી આપવામાં આવશે અને ખેડૂતોએ માત્ર ૨૫ ટકા જ નાણા ભરવાના રહે છે.

# રાજ્યમાં આદિવાસી પ્રભુત્વવાળી ૪૦ બેઠકો જીતવા કોંગ્રેસે ખાસ પ્લાન બનાવ્યો

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૪



કોંગ્રેસ ટૂંક સમયમાં ગુજરાતની ૧૮૨ વિધાનસભા બેઠકોમાંથી ૪૦ બેઠકો પર ફરીથી સ્થાન મેળવવા માટે કેમ્પેઈન શરૂ કરશે જ્યાં આદિવાસી મતદારો ચૂંટણી પરિણામોને પ્રભાવિત કરી શકે છે. આ કેમ્પેઈન ૨૦૨૭ માં યોજાનારી વિધાનસભા ચૂંટણી માટે પાયો તૈયાર કરવા માટે બ્લોક સ્તર સુધી પોતાને ફરીથી મજબૂત બનાવવાની અને સાથે સાથે રાજકીય પ્રવૃત્તિઓ શરૂ કરવાની પાર્ટીની યોજનાનો એક ભાગ છે. રાહુલ ગાંધીના સીધા નેતૃત્વમાં, ગુજરાત કોંગ્રેસને ૪૦ નવા જિલ્લા પ્રમુખો મળ્યા, આ સાથે નવા પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અને વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા તુષાર ચૌધરીનો સમાવેશ થાય છે, જેઓ હવે પાર્ટીનું નેતૃત્વ કરશે.

પક્ષના આંતરિક સૂત્રોએ જણાવ્યું હતું કે, આમાંથી, તુષાર ચૌધરીની નિમણૂક, જે એક આદિવાસી નેતા છે, તે પ્રભાવશાળી સમુદાય પર નજર રાખીને કરવામાં આવી હોય તેવું લાગે છે. તેમણે આદિવાસી સમાજના નેતાઓ સાથે આદિવાસી સંપર્ક યોજના પર ચર્ચા શરૂ કરી દીધી છે.

# અમદાવાદમાં બેફામ વાહન હંકારતા શખ્સોને ટ્રાફિક પોલીસે ફટકાર્યા: ૧૧ કરોડનો દંડ, બે હજારથી વધુના લાયન્સ રદ

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૪



અમદાવાદમાં છેલ્લા કેટલાક સમયથી રોન્ગ સાઈડ તથા ઓવર સ્પિડમાં બેફામ બેદકારી ભર્યા ડ્રાઈવિંગના કારણે અકસ્માતની વણઝાર લાગી છે. માતેલા સાંઢની જેમ વાહનો હાંકી વાહનચાલકો નિર્દોષ નાગરિકોનો ભોગ લઈ રહ્યા છે. વાહનો ચલાવીને અકસ્માત સર્જનારા વાહનચાલકો સામે અમદાવાદ આરટીઓએ તવાઈ બોલાવી છે.

જેમાં છેલ્લા દોઢ વર્ષમાં રોન્ગ સાઈડ, અકસ્માતમાં મોત, ઓવર સ્પિડ, ઓવરલોડ સહિતના કાયદાના ભંગ બદલ દોઢ વર્ષમાં રૂા. ૧૦.૯૮ કરોડ વસૂલીને ૨૧૬૧ વાહનચાલકોના ડ્રાઈવિંગ લાયસન્સ સસ્પેન્ડ કર્યા છે. જ્યારે બીજા રાજ્યમાં જઈ ઓવર સ્પિડમાં બેફામ બેદકારી ભર્યા ડ્રાઈવિંગ બદલ ૨૮૪ વાહનચાલકો પાસેથી દંડ વસૂલ્યા પછી આરટીઓએ ડ્રાઈવિંગ લાયસન્સ રદ કર્યા છે.

ગુજરાત હાઈકોર્ટ દ્વારા અવારનવાર ટ્રાફિક પોલીસને આવા વાહનચાલકો સામે પોલીસ ફરિયાદ સહિત કડક પગલાં લેવા માટે ટકોર કરવામાં આવે છે.




## લાડુ ખાવાની સ્પર્ધામાં

# જૂનાગઢમાં ૬૫ વર્ષની મહિલાએ પાંચ મિનિટમાં ૧૮ લાડુ સફાચટ કર્યા



(એચ.એસ.એલ),જૂનાગઢ,તા.૪

સંહિતા અને ચામુંડા મહિલા મંડળ દ્વારા જૂનાગઢમાં શ્રાવણ માસ નિમિત્તે ખાસ મહિલા અને બાળકો માટે લાડુ ખાવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જૂનાગઢના હેમાબેન ભટ્ટે પાંચ મિનિટમાં ૧૮ લાડુ ખાઈને સ્પર્ધા જીતી હતી. તો સોલંકી દક્ષ ૧૫ લાડુ ખાઈને બાળકોની કેટેગરીમાં પ્રથમ રહ્યો. આ સ્પર્ધામાં ૬૫ વર્ષના કંચનબેન હાંસલિયાએ પણ ૧૨ લાડુ આરોગીને ખૂબ સારો દેખાવ કર્યો હતો.

પવિત્ર શ્રાવણ માસ ચાલી રહ્યો છે, તેની વચ્ચે જૂનાગઢમાં ભૂતનાથ મહાદેવ મંદિર પ્રાંગણમાં સંહિતા અને ચામુંડા મહિલા મંડળ દ્વારા ચૂરમાના લાડુ ખાવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જૂનાગઢના બહેનો-બાળકો અને વરિષ્ઠ મહિલાઓ ભાગ લેવા આવ્યા હતા. દર વર્ષે મહિલા મંડળ દ્વારા શ્રાવણ મહિનામાં આ પ્રકારની અવનવી સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. જેમાં મહિલાઓ અને બાળકો ખૂબ જ ઉત્સાહ સાથે સ્પર્ધા જીતવા માટે ઉમળકા સાથે ભાગ લેતા હોય છે.

વરિષ્ઠ મહિલા કેટેગરીમાં કંચનબેન હાંસલિયાએ ૬૫ વર્ષની ઉંમરે ૧૨ લાડુ ખાઈને આ સ્પર્ધામાં વિજેતા બન્યા હતા. તેમણે ઉપવાસ કર્યો હતો, સવારથી સાંજ સુધી કશું જ ખાધું ન હતું. જેથી મહાદેવની કૃપાથી આ લાડુ ખવાય છે તેવો પ્રતિભાવ તેમણે આપ્યો હતો.

# અમદાવાદના દાણીલીમડા વિસ્તારમાં પતિની નિર્મમ હત્યા કર્યા બાદ પત્નીએ કર્યો આપઘાત

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૪



અમદાવાદ દાણીલીમડા પોલીસ લાઈનમાં પત્નીએ કરી પોતાના જ પતિની હત્યા. પત્નીએ પતિના માથામાં પથ્થર મારીને પતિની હત્યા કરી નાખી. ત્યારબાદ પત્નીએ પોતે પણ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે સંયુક્ત પોલીસ કમિશનર જયપાલસિંહ રાઠોડ જણાવ્યું હતું કે અમે હજી ત્યાં પહોંચ્યા છીએ અને તપાસ કરી રહ્યા છીએ. ઉલ્લેખનીય છે કે, મૃતક પોલીસ કર્મચારી મુકેશભાઈ પરમાર A ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા. બપોરે પતિ-પત્ની વચ્ચે ઝઘડો થતા પત્નીએ પતિને માર માર્યો હતો. પત્નીના મારના કારણે મુકેશ પરમાર લોહીલુહાણ થઈ ગયા હતા. ત્યાર બાદ તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. પરંતુ ત્યાં તેમનું મોત થઈ જતા પત્નીએ ઘરે આવીને આત્મહત્યા કરી લીધી હતી.




